January 2025

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 ● Issue 04 / 227
● Mumbai ● Page 24 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**મારા વ્હાલા મિત્રો,**

**પ્રણામ !**

**''એક નયી સુબહ, એક નયી આશ, એક નયી ઉમ્મીદ, એક નયી સોચ,**
**કામિયાબ હોને કી ચાહત, ૨૦૨૫ કી પહેલી કિરણ કે સાથ...''**

**Wish you All a Happy New Year - 2025**

રવિવારના ૨૬મી જાન્યુઆરી,૨૦૨૫ ભારત દેશના ૭૬માં પ્રજાસત્તાક દિન નિમિત્તે આપ સૌને શુભેચ્છા. ભારતનું બંધારણ આ દિવસથી અમલમાં આવ્યું હતું.

આ વર્ષના પ્રથમ પત્ર દ્વારા મારી લાગણીઓને આપ સહુની સમક્ષ વહેતી કરવી છે બોરસલીના સૂકા ફૂલ ઉપર જ્યારે પાણી છાંટીએ ત્યારે ફરીથી સુગંધિત બનીને તેની સુગંધ ચોમેર ફેલાવે છે. તેવી જ રીતે આપણી સંનિષ્ઠ કાર્યકરોની ટીમ શ્રી પાટણ જૈન મંડળના ઈતિહાસમાં ૧૧૩ વર્ષ પછી સંસ્થાના પ્રાણ બનીને કાર્ય કરી રહી છે. દિન-પ્રતિદિન પાટણની સુગંધ ચારે તરફ પ્રસરી રહી છે. તે આનંદ અને ગૌરવની વાત છે.

એક સરસ મજાનો સહુ પાટણ પરિવારજનોને યાદગાર રહે તેવો પ્લાન કરીને આપણે પ્રગતિ કરી રહ્યા છીએ. જે સમાજ અને જે દાતાઓએ મન મૂકીને દાનની ગંગા વહાવી છે તેમના થકી સમાજને ઉંચાઈ પર લઈ જવો છે.



પાટણના **શ્રેષ્ઠિ શ્રી બિપીનભાઈ ભોગીલાલ શાહ (ગોવાવાલા)** (અબજી મહેતાનો પાડો) જેઓ કર્મશીલ, પરોપકારી અને સૌને ઉપયોગી થવાની લાગણીની અનુભૂતિ ધરાવે છે, તેઓએ તેમજ તેમના ધર્મપત્ની શ્રાવિકા **શ્રીમતી લતાબેન શાહ,** બન્ને સુપુત્રો રામ-લક્ષ્મણ સમાન **મોનીશ અને સેજલ,** આપણા કાર્યો જોતાં ને પ્રતિબિંબ દ્વારા દાનવીરોના દાન ગંગા જોતાં ખૂબ જ પ્રભાવિત થયા અને દિલમાં એવી ભાવના જાગી કે, ''હું પણ શ્રી પાટણ જૈન મંડળના આ પરમાર્થના કાર્યોમાં સહાયક બનવા માગુ છું તેઓએ હૃદયની ઉત્તમ ભાવાંજલિ સાથે વિલેપાર્લે (વે) લલ્લુભાઈ પાર્ક ખાતેનો તેમનો આલીશાન 3 BHK નો ફ્લેટ (૧૧૫૦ સ્કે.ફીટ) શ્રી પાટણ જૈન મંડળને દાનમાં નિ:સ્વાર્થભાવે ભેટરૂપે અપર્ણ કર્યો. ત્યારે મને થયું કે ખરેખર પાટણની આપણી ભૂમિમાં **શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાન તેમજ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના સતત આશીર્વાદ વરસતા જ રહે છે.** ન માનવામાં આવે એવી ઘટનાઓ બને છે. પાટણ પરિવારોનું ભવિષ્ય તો ઉજળું છે જ. આવા દરિયાદિલ દંપત્તિને જ્યારે હું મળ્યો ત્યારે મારું હૃદય ભાવવિભોર બની ગયું.

આપણે સહુ **શ્રી બિપીનભાઈ ભોગીલાલ સાંડેસરા** પરિવારનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ, અનુમોદના કરીએ છીએ.

મિત્રો ! **લોનાવાલાના પ્રોજેક્ટનું** કાર્ય બહુ જ સરસ રીતે ચાલી રહ્યુ છે આ પ્રોજેક્ટ માટે વિવિધ કામ માટે એજન્સીઓની નિમણૂંક થઈ ગઈ છે, તેમને સાથે રાખીને Final Drawing બની ગયું છે. ફેબ્રુઆરીના પહેલાં અઠવાડિયાથી જ Land Scapingનું

Cont. page 2

કામ ચાલુ થઈ જશે લગભગ બે મહિના લાગશે તેવો અંદાજ છે ત્યારબાદ કન્સ્ટ્રક્શનનું વર્ક સ્ટર્ટ થશે. આ સાથે નવગ્રહ જિનાલયનું ડ્રોઈંગ ફાઈનલ કરીને વર્ક સ્ટાર્ટ કરવાનો પ્લાન કરી રહ્યા છીએ. જિનાલયની 3D Film બની રહી છે. જરૂર જ જિનાલય અતિ ભવ્ય અને મનોરમ્ય બનશે. બે વર્ષમાં જિનાલય સંપૂર્ણ તૈયાર કરવાનો સંકલ્પ છે. સાધન-સંપન્ન અને પ્રભુ ભક્તિ માટે પ્રીતિ ધરાવનાર ભાગ્યશાળીઓને આ ભવ્યાતિભવ્ય જિનાલયમાં સાથ આપવા અમે આતુર છીએ. પુણ્યકર્મના આ કાર્યમાં જોડાઈને પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત થશે તેવી શુભેચ્છા.

સંસ્થાના લગભગ ૬૦ કરોડથી વધારે રકમની અતિ મહત્વકાંક્ષી વિવિધલક્ષી હોલી ડે હોમ પ્રોજેક્ટ માટે સમાજનાં ઘણા દાતા પરિવારો સ્વૈચ્છિકપણે આગળ આવી મુખ્ય આધાર સ્થંભ, સહયોગી આધાર સ્થંભ, બ્લોકના મુખ્ય દાતા કે સહયોગી દાતાઓની યોજનામાં જોડાઈ પોતાની લક્ષ્મીનો સદઉપયોગ કર્યો છે જેના પરિણામે લગભગ ૪૦ કરોડ સુધીના દાનના વચનો મેળવવા સંસ્થા સદભાગી બનેલ છે તેનું ગૌરવ છે. આ દાતાઓ પૈકી કેટલાંક દાતાઓએ પોતાની ફરજ સમજી અને કાર્યને ગતિશિલ બનાવવા આર્થિક યોગદાન આપેલ છે તે બદલ હૃદયપૂર્વક આભાર માનું છું. આશા છે કે હજુ પણ વધુ દાતાઓ આ કાર્યમાં સાથે જોડાઈને પુણ્યના ભાગીદાર બનશે તેવી અમને ખાતરી છે. જે દાતાઓ દાનની યોજનામાં જોડાયા છે તેઓને શક્યતઃ અનૂકુળતા મુજબ રકમ સંસ્થામાં મોકલાવી આપવા નમ્ર વિનંતી કરું છું. આપણા સહુના સમયસરના સહયોગના પરિણામે જ આપણી સંસ્થાનું આ મહત્વકાક્ષી પ્રોજેક્ટનું લક્ષ્યાંક સમયસર પૂર્ણ કરવાની આશા સેવી રહ્યો છું. વહેલી તકે પાટણ સમાજના લોકો માટે આ હોલી ડે હોમ અર્પણ કરવાની ભાવના છે, જરૂરથી સાથ આપશો.

પુણ્યવંતી, પાટણની ધન્ય ધરા પર **આ વર્ષે ડિસેમ્બરમાં આપણા પાંચ મહોલ્લાઓમાં ઓચ્છવ** અને **Get to Gether** નું આયોજન ખૂબ જ સુંદર રીતે સંપન્ન થયું. સુંદર જિનાલયોથી શોભતા મહોલ્લાના ભાઈ-બહેનોએ પ્રભુભક્તિનો બહુ જ લાભ લીધો. મુંબઈમાં રૂબરૂ મળવાનું અશક્ય છે, પરંતુ પાટણમાં તો ગમતાનો ગુલાલ ઉડાડવાનો અવસર પ્રાપ્ત થયો દરેક મહોલ્લાવાસીઓએ પ્રાતઃ સમયથી સાથે મળીને પ્રભુભક્તિ કરી, સાથે મળીને સહભોજન કર્યું. સાથે મળીને રમત-ગમતનો આનંદ માણ્યો, રથયાત્રાનો લાભ લીધો. કનાસાનો પાડો, કુંભારિયા પાડો, ખેતરવસી મહાદેવાજીની શેરી, પોળની શેરી, મનમોહનજીની શેરી વિગેરે મહોલ્લાઓમાં ઓચ્છવના દિવસોમાં શહેનાઈના સૂર ગુંજી ઉઠયા હતા અને સૌ કોઈના મુખ પર પટણી હોવાનું ગૌરવ દેખાતું હતું. આ અવસર પર દરેક મહોલ્લાના જિનાલયોમાં પરમાત્માની ભવ્યાતિભવ્ય અંગરચના થતી હતી તેના દર્શનનો લાભ લીધો હતો.

**શ્રી વિલેપાર્લે પાટણ જૈન મંડળનાં પ્રમુખ શ્રી જશવંતભાઈ મણિલાલ શાહ (ભાભાનો પાડો) તેઓએ વિવિધ પ્રકારના રત્નો, નિલમ, માણેક વગેરે પર સંશોધન કરીને તેના પર PHD કરી એક બુક પબ્લીશ કરી હતી. ડૉક્ટરેટની ડીગ્રી મેળવી હતી** તે બદલ તેમને **International Award** પ્રાપ્ત થયો છે, મુંબઈ ખાતે પણ ગુજરાતી સમાજના **ચેરમેન શ્રી હેમરાજભાઈએ** પણ તેમનું બહુમાન કર્યું હતું. આ અવસરે **શ્રી જશવંતભાઈના** પરિવાર તરફથી જલારામ હોલ - જૂહુ, વિલેપાર્લે ખાતે એક શાનદાર પાર્ટીનું આયોજન કર્યું હતું. તે સમયે **શ્રી પાટણ જૈન મંડળની વિવિધ કમિટીઓના હોદ્દેદારોને તેમજ ટ્રસ્ટીઓને,** અમને બધાને આમંત્રણ મોકલ્યું હતું. તેઓએ શ્રી પાટણ જૈન મંડળનાં પ્રમુખ તરીકે મારું પણ બહુમાન કર્યું હતું, તેમનો આભાર માનું છું. જે વ્યક્તિનો જે ઓરા હોય તે ઓરાની ફોટોગ્રાફી કરી, આવનારા સમયમાં વ્યક્તિને શારિરીક શું રોગ આવી શકે તેની અગાઉથી માહિતી મળી શકે છે. જેથી વ્યક્તિ ચેતી જઈને તેનો ઈલાજ કરી શકે. તેમની આ નવી થીસિસ અને ટેક્નોલોજીનો લાભ લઈ શકીએ તે માટે શ્રી પાટણ જૈન મંડળ હોલમાં તેમનો આ કાર્યક્રમ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. સમગ્ર પાટણ સમાજમાં **ડૉ. જશવંતભાઈ એમ. શાહ** (ઉં.વ. ૯૦) પ્રથમ વ્યક્તિ છે કે જેઓ રત્નોને પારખી રોગ અને રોગનું નિદાન કરી શકે તેવા ડૉક્ટર બન્યા છે. **ડૉ. જશવંતભાઈને** ખૂબ ખૂબ અભિનંદન. બધા જ પટણીઓ ગૌરવ અનુભવે છે, આપનું સ્વાસ્થ્ય સારું રહે તેવી શુભકામના.

સન્મુખાનંદ હોલમાં માર્ચ મહિનામાં એક કાર્યક્રમનું આયોજન કરવાનો વિચાર છે ફેબ્રુઆરીના અંકમાં વિગતવાર માહિતી આપવામાં આવશે. માનનીય શ્રેષ્ઠીવર્ય દાતાઓનું અભિવાદન પણ આ પ્રોગ્રામ દરમ્યાન કરવામાં આવશે.

આપ સર્વેને જણાવતા આનંદ થાય છે કે આપણી સંસ્થા **Eco Fraindly Prosess System** પર આગળ વધી રહી છે, જેમાં પહેલું કદમ એ છે કે સંસ્થાને પેપરલેસ બનાવવી છે. આપણે જે જે સહાય સાધર્મિકોને કરી રહ્યા છીએ તેમાં પેપરનો વપરાશ વધારે થાય છે, પરંતુ આપણે શ્રી પાટણ જૈન મંડળની જે **APP** બનાવી છે એમાં સહાયનું એક **Feacher** આપવામાં આવ્યું છે. **તા. ૧ લી એપ્રિલ ૨૦૨૫થી બધાજ પ્રકારની સહાય Shree Patan Jain Mandal App** ના માધ્યમ દ્વારા સહુએ ભરવાની રહેશે. તેનો મુખ્ય ફાયદો એ થશે કે સહાય લેનારને માત્ર ૭ દિવસની અંદર તેમના ખાતામાં સહાયની અમાઉન્ટ ટ્રાન્સફર થતાં મળી જશે. આના બીજા પણ અનેક ફાયદાઓ થશે તેથી આપ સર્વેને વિનંતી છે કે દરેકે દરેક વ્યક્તિઓએ **Shree Patan Jain Mandal App Download** કરવી ફરજિયાત છે.

દેવ-ગુરુના આશીર્વાદથી આપણા સૌરભ મેડિકલ હેલ્થકેર **NABH** નું સર્ટિફિકેટ મળી ગયું છે જેના લીધે હેલ્થ કેરનું કાર્ય વધારે ચોક્કસ અને પારદર્શક થશે ત્યાંના સ્ટાફને નવ મહિના સુધી ટ્રેનીંગ આપવામાં આવી છે મારે આપ સહુને નમ્ર વિનંતી છે કે આપણાં **સૌરભ મેડિકલ હેલ્થકેરનો વધુમાં વધુ લાભ લો** તેમજ તમારી આસપાસના ચિર-પરિચિત લોકોને પણ ત્યાં મોકલવાની પ્રેરણા આપો. **બ્લડ કલેક્શન તો ઘરે બેઠાં થાય છે. વર્લ્ડ બેસ્ટ મશીનો** દ્વારા આખી પ્રોસેસ થાય છે. **૨૦ વર્ષના અનુભવી ટેક્નીશિયનો તથા ડૉક્ટરો છે,** તમારી હેલ્થની વેલ્થ વધારો અને તંદુરસ્ત નીરોગી જીવન જીવો તેજ અમારા સહુની ભાવના છે. વધુને વધુ પટણીઓએ લાભ લેવો જોઈએ.

***** સમય માનવીને મોટો બનાવે છે, સમાજ માનવીને મહાન બનાવે છે. *****

# ચાલો, નવા વર્ષે હૃદય દ્વાર ખોલીએ, ખુશીઓને પ્રવેશ આપીએ.....

## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ

**સ્વ મનોજ ખંડેરિયાની આ કૃતિ 'ખોલી નાખ' કારણ વગર આપણે મુક્ત મને નથી જીવતા અને બંધિયાર માનસ ધારણ કરી આયખુ પૂરુ કરીએ છીએ તેની તરફ દર્પણ ધરી ઢંઢોળે છે.**

**''બંધ મુઠ્ઠીની સમસ્યા સહું,**
**તારી મુઠ્ઠી તું વહેલી ખોલી નાખ,**
**શ્વાસને સાવ છૂટ્ટા મેલી દે,**
**તું હવાની હવેલી ખોલી નાખ.''**

આ પંક્તિઓ વાંચતા જ જો ખરેખર આપણે શ્વાસને છૂટા મેલી દઈએ તો અહેસાસ થાય કે આપણે કેટલી નિરર્થક ગુંગળામણ અનુભવતા હતા.

આજના યુગમાં દરેક વ્યક્તિ માત્ર માનસિક તણાવમાં જીવી રહી છે આપણે સુખી બનવાની પરવા નથી કરતા કે નથી બીજાને સુખી કરવાના પ્રયત્નો કરતાં પણ બીજાને આપણે કેટલા સુખી છીએ તે બતાવવામાં જ જીવન વ્યતિત કરતા થઈ ગયા છીએ.

તો ચાલો ! આ નવા વર્ષમાં એક સંકલ્પ કરીએ કે, **'હું વર્તમાનને જ માણીસ'** વર્તમાનની એક એક પળ કે કલાકને ખુશીથી ભરી દઈશ. મારા સ્વાસ્થ્ય સંબંધો અને મારી જે પ્રવૃત્તિઓ છે તે માટે વિચારતો રહીશ કે, 'Where it will lead me' મારો વર્તમાન એ જ મારા સારા ભવિષ્યને જન્મ આપી શકે છે. મારા વિચારો, વાણી, વર્તન અને વહેવારો દ્વારા જ મને શ્રેષ્ઠ પરિણામ મળવાનું છે. રોજરોજના યંત્રવત જીવનમાંથી બહાર આવવાનું છે જે રીતે દોરીના રીલમાંથી એક સરખી દોરી જ બહાર નીકળતી જાય તે જ રીતે આપણા જીવનમાં પણ ફરિયાદો અને માનસિક તણાવ આવતા જ જાય છે. નકારાત્મક કારણો અને શંકા તો મનને ઘેરીને આસપાસ ફર્યા જ કરે છે, પરંતુ રીલમાંથી દોરીને જેમ તોડી દઈએ તો રીલ ત્યાંજ અટકી જાય છે તે જ રીતે માનસિક તણાવ અને નકારાત્મકની દોરીને જો તોડી નાખીએ અને પોઝિટીવ વિચારોમાં આવી જઈએ તો ખુશીઓને પ્રવેશ મળે.

વર્તમાનની સુખદ પળોને માણવા, માનવી શોપિંગ મોલમાંથી ખરીદી કરીને મનગમતી વસ્તુઓ ઘરે લઈને આવશે તો પાછા આવીને મોંઘવારીની બૂમો મારશે.

જો વિદેશમાં ડોલરો ખર્ચીને પ્રવાસ કરીને પાછાં આવશે તો એમ વિચારશે કે આના કરતાં તો મારો દેશ સારો છે.

જો પરિવારજનો, સગાં-સ્નેહી-મિત્રો સાથેના સંબંધો સારાં અને સુખદ રાખતાં આવડશે તો તે ઉત્તમ છે નહીં તો કહીને જ ઉભા રહેશે, 'સૌ કોઈ સ્વાર્થના જ સગાં છે' પરંતુ જ્યાં જ્યાં ગયા ત્યાં જે પણ માણસો મળ્યા કે જે પણ મેળવ્યું તેના માટે કોઈજ આભારના શબ્દો કે અહોભાવની લાગણી જ ન જન્માવે તો આમાં વાંક કોનો ? આવી વ્યક્તિઓ તેમના જીવનમાં ક્યારેય ખુશીનો અહેસાસ કરી શકતા નથી.

પ્રત્યેક વર્ષના અંતે બેલેન્સ શીટ બનાવીએ છીએ. પણ ક્યારેય આપણે પરિવારજનોએ સાથે બેસીને સુખની કે જવાબદારી પૂર્ણ કર્યાની સફળતા મેળવી તે બધુ યાદ કરીને ઈશ્વરનો આભાર કેમ નથી માનતા ? કોઈપણ જાતની બિમારી વગર કે ઘરમાં પરિવારજનોના અકસ્માતથી પણ હેમખેમ રહ્યા હોય તો પણ પ્રભુનો આભાર માનવાનું યાદ આવતું નથી, કેમ આપણે સ્વને બદલતા નથી ?

એક વ્યક્તિ વધુ સમજદાર, વધુ શક્તિશાળી, વધુ સંવેદનશીલ બને ત્યારે શાંતિમય સહઅસ્તિત્વ તરફની યાત્રાના પૈડાનું પહેલું ચક્ર ફરે. આશા પ્રેરિત માનવી તોફાનો વચ્ચે સ્થિર પ્રકાશતી શાંત જ્યોત જેવો હોય છે જે બીજા માટે મશાલ હાથમાં લે છે તેનો પોતાનો માર્ગ પણ પ્રકાશિત થતો આવે છે નવા વર્ષે સ્વના અને સર્વના કુશળક્ષેમ પર એકાગ્ર થઈએ અને સક્રિય બનીએ.

જાપાનના બૌદ્ધ ચિંતક દાઈસાકુ ઈકોડા - ''મારે થોડા નિયમ હતા, મેં નક્કી કર્યું હતું કે ભલે હું ચીથરેહાલ હોઉ, ઊંચા માથે ચાલીશ. ગમે તે સ્થિતિમાં હોઉ, મેં મારાથી બનતું કરવાનું ચાલું રાખ્યું છે, કેમતે પોતે માણસ તરીકે શ્રેષ્ઠ આપ્યું તેની પ્રતીતિ એજ અંતિમ વિજય છે.''

જેઓ ખરેખર નિખાલસતાથી અને સરળતાથી જીવે છે, તેઓ જ સમાજમાં માન-આદરને પામે છે, તેવા માનવીઓ પાસેથી પ્રેરણા લેવી જોઈએ, વિચારવું જોઈએ કે મારું આજનું વર્તમાન અને વર્તન આવતીકાલે મને કેવું પરિણામ બતાવશે ? તેવું આત્મચિંતન આ નવા વર્ષમાં કરીએ તો પણ જીવન સાર્થક બનશે તો ચાલો ! નવા વર્ષે હૃદય દ્વારા ખોલીએ અને જીવનને ખુશીઓથી ભરી દઈએ.

***Wellcom 2025... Happy New Year***

# શ્રી બી.ડી. સાર્વજનિક વિદ્યાલય ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસિએશનનો કાર્યક્રમ








શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય પાટણ તેની સ્થાપના અને ૮૦ વર્ષમાં ૩૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ શાળામાં ભણી ગયેલ અને જીવનમાં ખૂબ આગળ વધ્યા છે તો આપણે પણ માતૃ સંસ્થાની સેવા કરવી જોઈએ તે હેતું અને ઉમદા વિચારથી **વર્ષ ૨૦૧૩માં શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એસોસિએશનને રજીસ્ટ્રેશન કરી સ્થાપના કરવામાં આવી હતી.** શાળામાં અભ્યાસ કરતા બાળકોના વિકાસમાં ખભેખભા મિલાવી અનેક વિધ પ્રવૃત્તિ કરવામાં આવે છે, તા. ૧૫-૧૨-૨૦૨૪ના રોજ જૂની યાદો પરસ્પર વાગોળવા **વિદ્યાર્થી એસોસિએશન દ્વારા સ્નેહમિલન** તેમજ **તેજસ્વી તારલાઓ અને દાતાઓના સન્માન** માટેનો એક કાર્યક્રમ શાળાના પટાંગણમાં યોજાઈ ગયો. જેમાં સ્કૂલના વિદ્યાર્થી એવા **એચ. કે. પટેલ હાલમાં ઓ.એન.જી.સી. મહેસાણા ખાતે પોતાની સેવા આપી રહ્યા છે. તેમના અથાગ પ્રયત્નોથી સ્કૂલને ઓ.એન.જી.સી. દ્વારા ૧૫ લાખ રૂપિયાનું માતબર દાન કૉમ્પ્યુટર લેબ તેમજ સ્માર્ટ ક્લાસ માટે આપવામાં આવ્યું હતું.** જેનો પણ ઉદ્‌ઘાટન સમારોહ માનનીય **શ્રી ગુપ્તા એક્ઝ્યુકેટીવ ડાયરેક્ટર અને આ જ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને માજી હોમ મિનિસ્ટર રજનીભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.** તેમજ **ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસિએશન દ્વારા શાળામાં સ્વીમીંગ પુલ પણ બનાવવામાં આવ્યો છે** તેનું પણ લોકાર્પણ પાટણના લોકપ્રિય **ધારાસભ્ય શ્રી કીરીટભાઈ પટેલ** અને આ જ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી એવા **શ્રી જગદીશભાઈ જોશી** કે જેઓ ગુજરાત યુનિવર્સિટીમાં સેવા બજાવી રહ્યા છે તેમની ઉપસ્થિતિમાં સ્વીમીંગ પુલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ભગીરથ કાર્યમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસિએશનના દાતાઓ દ્વારા જે દાન આપવામાં આવ્યું હતું તે તમામ દાતાઓનું એસોસિએશન દ્વારા સાલ પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપીને સન્માનવમાં આવ્યા હતા. તેમજ આ શાળામાં વિવિધ ક્ષેત્રે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં જિલ્લા રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાએ સ્કૂલનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને પણ વિશેષ ઈનામ અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને આ શાળાના વિદ્યાર્થીઓ ધોરણ ૧ થી ૧૨ ના પહેલો બીજો અને ત્રીજો આવનાર તમામ વિદ્યાર્થીઓને ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસિએશન તરફથી સીલ્ડ અને રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં **ડૉ. યશવંતભાઈ ઝવેરી** પ્રમુખ, **વિદ્યાર્થી એસોસિએશન મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેતનભાઈ પટેલ, ડૉ. અતુલભાઈ અગ્રવાલ, શ્રી કલ્પેશભાઈ બારોટ, શ્રી ધીરુભાઈ શાહ અને ડૉ. બળદેવભાઈ દેસાઈ** આ કાર્યક્રમને સફળ બનાવામાં ભારે જહેમત કરી હતી આ પ્રસંગે શાળાને રોશનીથી શણગારવામાં પણ આવી હતી.







(અબજીમહેતાનો પાડો)





શ્રી બિપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા

શ્રીમતી લતાબેન બિપીનચંદ્ર સાંડેસરા

## એક અનોખો મિજાજ... એક પ્રગલ્ભ પ્રચંડ વ્યક્તિત્વ

એક અનોખો મિજાજ એક પ્રગલ્ભ પ્રચંડ વ્યક્તિત્વ પાછળ એક માનવતાની મિશાલ સતત પ્રગટી રહી છે, તેવા જાયન્ટ કદના વ્યક્તિ શ્રેષ્ઠિ **શ્રી બિપીનચંદ્ર ભોગીલાલ શાહ (ગોવાવાળા)** તેમનો પરિચય મર્યાદિત શબ્દોમાં ક્યાં જકડી શકાય તેમ છે ?

તેમની જ્યારે મેં વ્યક્તિગત મુલાકાત લીધી, ત્યારે તેમની ઉદારતા માટે હૃદયમાં ખૂબ ખૂબ લાગણીના ભાવ જાગ્યા. તેમનો વધુ પરિચય પામવા વાત-ચીત ને ચર્ચાનો દોર શરૂ કર્યો ત્યારે સ્મૃતિના અશ્વને પાછો વાળીને વીતેલા સમય પર દ્રષ્ટિપાત કરતા **શ્રી બિપીનભાઈ શાહ** એમના કેટલાંક મધુર સંભારણાઓથી પુલકિત થઈ ગયા. તેમના વિચારો પ્રગટ કરતાં કહ્યું; ''હજારો માઈલની યાત્રાનો પ્રારંભ એક ડગલાંથી થાય છે, એવું ડગલું તેઓએ આજથી ૫૦ વર્ષ પહેલા ઉપાડયુ.''

**''હમ તો અકેલે હી ચલે થે, જાની બે મંઝિલે મગર;**
**લોગ સાથ આતે ગયે, ઔર કારવા બનતા ગયા...''**

ગોરેગામ (વે) જવાહર નગર, મુંબઈથી તેમની યાત્રાનો પ્રારંભ થયો અને ગોવા ખાતે સ્થિર થયો. તેમના સ્વભાવમાં નાની ઉંમરથી જ ''Work for others'' ની ભાવના જાગી હતી. સતત ને સતત તેઓ બીજાને ''સહાય કર, મદદ કર'' ''Give... Give & Give'' સૂત્રને આત્મસાત કરીને જ જીવતા શીખ્યા છે.

વ્યક્તિગત રીતે **શ્રી બિપીનચંદ્ર શાહ તેમના ધર્મપત્ની શ્રીમતી લતાબેન બિપીનચંદ્ર શાહ** આજે પણ ગર્ભ શ્રીમંત હોવા છતાં ''Simpal Living & High Thinking'' ને જ માને છે, ગોવાને પોતાની કર્મભૂમિ માનીને જીવનનો પ્રારંભ કર્યો તેમના બે પુત્રો **સેજલ અને મોનીષ** છે.

''ઈશ્વરે આપેલી અનેક પ્રકારની શક્તિઓને તમારાં પોતાનામાં પ્રગટાવીને કાર્યરત બનાવવામાં તમારા કૌશલ્યની ખરી કસોટી છે.'' આ વિચારોને સાર્થક કરતા તેઓએ ગોવામાં અકલ્પનીય કાર્યો કરીને માનવતાની મહેક પ્રસરાવી છે.

- ૧૯૬૪માં ગોવામાં ગુજરાતી સમાજની સ્થાપના કરી, જેમાં તેઓ ટ્રસ્ટી છે.
- ૧૯૬૮માં દિલ્હી બોર્ડની ઈંગ્લીશ સ્કુલ ખોલી છે, જ્યાં મનોવિકાસ વિષયને પ્રાધાન્ય આપવામાં આવે છે.
- ગોવા ખાતે શ્રી સુમતિનાથ જિનાલયનાં ૨૫ વર્ષથી ટ્રસ્ટી છે.
- મડગાંવ ખાતે બહેરા-મુંગા સ્કૂલ જે નાતજાતના ભેદભાવ વગર ચાલે છે તેના ફાઉન્ડર મેમ્બર છે.
- ૧૯૬૮માં મડગાંવની હૉસ્પિટલમાં બ્લડ બેન્કની સ્થાપના કરી. બ્લડ ડોનેશનના કાર્યમાં તેઓ સતત કામ કરી રહ્યા છે.
- ગુજરાતી સમાજ દ્વારા આયોજિત કેન્સર કેમ્પમાં દાન આપતાં રહે છે.
- ગોવાના ચીફ મિનિસ્ટરશ્રી દિગંબર કામત તેમના અંગત મિત્ર હોવાને કારણે તેમની સાથે પણ કાર્યરત રહે છે.
- બિપીનભાઈના ધર્મપત્ની શ્રીમતી લતાબહેન પણ માનવતાના કાર્યમાં સાથ આપતાં જ રહે છે, તેઓએ પણ ત્યાં વુમન એમ્પાવરમેન્ટ કમિટીની રચના કરી મહિલાઓને વિવિધ પ્રકારે ટ્રેનિંગ આપે છે.
- તેમના બન્ને પુત્રો પણ હૃદયપૂર્વક તેમના પિતાને માન-સન્માન આપીને માનવજીવનને, માનવતાને મહત્વ આપીને વિશાળ હૃદયથી સંપત્તીનો સદ્‌પયોગ કરવા માટે શ્રી બિપીનભાઈને સાથ-સહકાર આપતા જ રહે છે.

**શ્રી બિપીનભાઈએ** તેમના વિચારો દર્શાવતા અંતે એટલું જ જણાવ્યું કે, 'આપણને જીવન જીવવા માટે બે જ વિકલ્પો મળેલા છે બસ ! આપણે નક્કી ફક્ત એજ કરવાનું છે કે, જિંદગી આપણે પસાર કરવી છે કે મળેલી આ જિંદગીને ભરપૂર જીવી લઈને પરમાત્માને મળવાનું છે.'

**અનુમોદના.... અભિનંદન.... અભિવાદન....**

# બી.ડી.એસ. વિદ્યાલય - એન.એસ. સુરમ્ય પ્રાથમિક શાળા - ટી.ડી.એસ. વિદ્યાલય વિદ્યાર્થી - શિક્ષકગણ સન્માન સમારોહ

**તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૪ના શનિવારના** રોજ પાટણ ખાતે ઉપરોક્ત સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના **શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી** સ્પોર્ટ સંકુલના વિશાળ પટાંગણમાં વિદ્યાર્થી, શિક્ષકગણ, સંસ્થાના હોદ્દેદારો તથા મુંબઈથી પધારેલ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની લગભગ ૧૦૦૦ની ઉપસ્થિતિમાં આ સમારોહ યોજાયો હતો.




પ્રિન્સીપલશ્રી ડૉ. બી.આર. દેસાઈ તથા શ્રી હીરાભાઈ પ્રજાપતિને મોમેન્ટો અર્પણ




નિયામક શ્રી પી.આર. દેસાઈ તથા શિક્ષક શ્રી મુકેશભાઈ હીરવાણીયાને મોમેન્ટો અર્પણ

સૌ પ્રથમ ગત વર્ષ દરમ્યાનમાં યોજાયેલ સ્પંદન ત્રિદિવસીય કાર્યક્રમનું અદભુત આયોજન કરવા માટે પ્રિન્સીપલશ્રી **ડૉ. બી.આર. દેસાઈ** તથા પ્રાથમિક શાળાના પ્રિન્સીપલ **શ્રી હીરાભાઈ પ્રજાપતિ,** નિયામક શિક્ષક **શ્રી પી.આર. દેસાઈ,** કન્વીનર **શ્રી મુકેશભાઈ હિરવાણીયાનું** મોમેન્ટો આપી સન્માન કરાયું હતું.

આપને વિદીત થાય કે ૪૫૦ વિદ્યાર્થીઓ, ૩૦ શિક્ષકગણ, સ્ટાફ અને કોરિયોગ્રાફર દ્વારા તૈયાર કરાયેલ ધાર્મિક તથા દેશભક્તિની લગભગ ૨૦ લાઈવ કૃતિઓ સાથેનું પ્રદર્શન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ તૈયાર કરાયો હતો **જેને પાટણ નગરની વિવિધ સ્કુલોના વિદ્યાર્થીઓ નગરજનો તથા બહારગામથી પધારેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સહીત કુલ ૨૨૦૦૦ની જન મેદનીએ ત્રણ દિવસ દરમ્યાન નિહાળ્યા હતો.** આવા ગૌરવશાળી મહોત્સવની સફળતા બદલ ઉપરોક્ત ચાર શિક્ષકગણનું મોમેન્ટો અર્પણ કરી સન્માન કરાયું હતું.



મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય




શ્રી ટી.ડી.એસ. વિદ્યાલયની મહેમાનો દ્વારા શુભેચ્છા મુલાકાત



દાતા શ્રીમતી જીવકોરબાને હોદ્દેદારો દ્વારા પુષ્પાંજલી

આ પ્રસંગે પ્રમુખશ્રી દાનેશભાઈ વી. શાહ, સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ એન. શાહ, શ્રી પ્રદિપભાઈ આર. શાહ, શ્રી દિપકભાઈ આર. શાહ, શ્રી રમેશભાઈ ઝવેરી, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ, એડ. સેક્રેટરી શ્રી હિતેશભાઈ જે. શાહ, ડોનર શ્રી રાકેશભાઈ, વિદ્યાલય સેક્રેટરી શ્રી ભરતભાઈ સી. શાહ, શ્રી જીગરભાઈ જી. શાહ, સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી પરેશભાઈ એ. શાહ સંસ્થાના સ્ટાફ મેમ્બર શ્રી ધીરુભાઈ શાહ તેમજ શ્રી જ્ઞાનેશભાઈ લાપસિયા તથા સ્થાનિક સમિતિના સર્વે સભાસદોની વિશાળ ઉપસ્થિતિમાં આ સન્માન સમારોહ યોજાયો હતો.

આજના સુવર્ણ અવસરે સંસ્થા દ્વારા તૈયાર થયેલ **બે સ્માર્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન કરાયું હતું.**





ટ્રસ્ટીશ્રી ભરતભાઈ તથા શ્રી પ્રદિપભાઈ ટ્રસ્ટીશ્રી દિપકભાઈ તથા શ્રી રમેશભાઈ દ્વારા બે સ્માર્ટ ક્લાસનું ઉદ્‌ઘાટન

# બી.ડી.એસ. વિદ્યાલય - એન.એસ. સુરમ્ય પ્રાથમિક શાળા - ટી.ડી.એસ. વિદ્યાલય
# વિદ્યાર્થી - શિક્ષકગણ સન્માન સમારોહ

હંમેશની પ્રથા મુજબ ૦શિક્ષણ, સ્પોર્ટ્સ તથા સાંસ્કૃતિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ગત વર્ષ દરમ્યાન શિક્ષણ તથા વિવિધ ક્ષેત્રોએ શ્રેષ્ઠ દેખાવ કરનાર લગભગ ૪૦થી વધુ વિદ્યાર્થીઓ તથા સ્પોર્ટ્સ અને સાંસ્કૃતિક ક્ષેત્રે જિલ્લા તથા રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ દેખાવ દ્વારા એવોર્ડ મેળવી સ્કુલનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓ તથા શિક્ષકોનું રોકડ રકમ પુરસ્કાર રૂપે આપી બહુમાન કરાયું હતું. **સંસ્થા દ્વારા લગભગ રૂા. ૩.૫૦ લાખ જેવી રોકડ પુરસ્કાર રૂપે આપી ઉપરોક્ત વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા.**



**શિક્ષણ ઉપરાંત વિવિધ ક્ષેત્રોએ ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન**





**હોદ્દેદારો દ્વારા આવકાર તથા પ્રાસંગિક પ્રવચન**



**શ્રી બી.ડી.એસ.વી. તથા શ્રી ટી.ડી.એસ.વી દ્વારા પ્રકાશિત ૨૦૨૫ના વર્ષનું કેલેન્ડરનું વિમોચન**

ઉપરોક્ત પ્રસંગે **પ્રમુખશ્રી દાનેશભાઈ, ઉપપ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ** તથા **ટ્રસ્ટીશ્રી ભરતભાઈએ** પ્રાસંગીક પ્રવચનોમાં વિજેતાઓને બિરદાવ્યા હતા. તેમજ **શ્રી ટી.ડી.એસ. વિદ્યાલય તથા શ્રી બી.ડી.એસ વિદ્યાલય** દ્વારા પ્રકાશિત થનાર વર્ષ ૨૦૨૫ના કેલેન્ડરનું વિમોચન કરાયું હતું. ઉપરાંત દર વર્ષે પ્રકાશિત થતાં **વાર્ષિક અંક સૌરભ** મંડળના હોદ્દેદારોને અર્પણ કરાયો હતો.





**શિક્ષણ ઉપરાંત વિવિધ ક્ષેત્રોએ ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું તથા સંસ્થાના દાતાશ્રી રાકેશભાઈનું સન્માન**

# બી.ડી.એસ. વિદ્યાલય - એન.એસ. સુરમ્ય પ્રાથમિક શાળા - ટી.ડી.એસ. વિદ્યાલય
# વિદ્યાર્થી - શિક્ષકગણ સન્માન સમારોહ



શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન



કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ





શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન

આજના આ સમારંભમાં સંસ્થાના હોદ્દેદારો, ડોનરો, મુંબઈથી પધારેલા મહેમાનો તથા શિક્ષક-વિદ્યાર્થીગણ વિશાળ સંખ્યાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. ડી.એલ.એસ. ના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિની બે અદ્‌ભુત કૃતિ રજૂ કરાઈ હતી. આ પ્રસંગે મહેમાનો માટે શ્રી ટી.ડી.એસ. વિદ્યાલયમાં તથા સર્વ વિદ્યાર્થીઓ માટે સમારંભ બાદ શ્રી બી.ડી.એસ. પટાંગણમાં અલ્પાહારનું આયોજન કરાયું હતું.

## મંડળના વિવિધ ફંડમાં દાન આપનાર દાતાઓ



બા.સા. પનાલાલ પુનમચંદ (ખજૂરીનો પાડો)



બા.સા. નાનકચંદજી પુરણચંદજી (ખજૂરીનો પાડો)



બા.સા. જીવણલાલ પનાલાલ (ખજૂરીનો પાડો)



શ્રીમતી વિમળાબેન દલપતભાઈ શાહ (કનાસાનો પાડો)



શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ (કનાસાનો પાડો)



શ્રીમતી વીરમતીબેન નવીનચંદ્ર શાહ (કનાસાનો પાડો)



શ્રીમતી અમીતાબેન કમલેશભાઈ શાહ (વખતજીની શેરી)



શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ (કુંભારીયા પાડો)



શ્રી કંદર્પભાઈ સેવંતીલાલ ખાંડવાલા (કેશુશેઠનો પાડો)

# હોલી ડે હોમ લોનાવાલા પ્રોજેક્ટમાં દાન આપનાર દાતાશ્રીઓ


શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ શાહ
(કેશુશેઠનો પાડો)


શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ
(વખતજીની શેરી)


શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ
(લખિયારવાડો)


શ્રી સુરેશચંદ્ર હિંમતલાલ શાહ
(શામળાજીની શેરી)


શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ ગુલાબચંદ શાહ
(કનાસાનો પાડો)


શ્રી રજનીકાંત મણિલાલ શાહ
(નિશાળનો પાડો)


શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ
(લખિયારવાડો)


શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ શાહ
નંદરબારવાલા (ડંકમહેતાનો પાડો)


શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ
(મણિયાતી પાડો)



શ્રીમતી સુસ્મિતાબેન સુધીરભાઈ શાહ
(મારફતીયા મહેતાનો પાડો)


શ્રીમતી રમીલાબેન ચંપકલાલ શાહ
(શાંતિનાથની પોળ)


શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ
(સિદ્ધચક્રની પોળ)


શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ
(ખજૂરીનો પાડો)


શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ
(ખજૂરીનો પાડો)


શ્રી જતિનભાઈ ભગવાનદાસ શાહ
(ખેતરવશી)

# Shree Patan Jain Mandal
# SAURABH MEDICAL HEALTH CARE
## (Goregaon)




## We Welcome Donors for the following Department

- Physiotherapy ... 1.25 Cr
- Dental ... 1.00 Cr
- ENT ... 1.00 Cr
- Pediatric ... 1.00 Cr
- Homeopathy ... 0.50 Cr
- Ayurvedic ... 0.50 Cr

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi Mo. 9820048367

**મેડિકલ હેલ્થકેરના નવા ભવનનું નિર્માણ કાર્ય ચાલુ છે.**

## શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય - પાટણ



**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો. આજેજ જોડાઓ.**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**નીચે મુજબની યોજનામાં દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ◆ Multipurpose Hall | 1 ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 2 ... | 25,00,000 |
| ◆ Solar System | 1 ... | 25,00,000 | ◆ Lift | 1 ... | 5,50,000 |
| ◆ Golden Stone | | 2,00,000 | ◆ Silver Stone | | 1,00,000 |

સંપર્ક : શ્રી પાટણ જૈન મંડળ : 8779161209 ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ : 9930891985
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ : 9322227209 ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ : 9323189941

# SAURABH MEDICAL HEALTH CARE

SMHC

NABH ACCREDITED

Managed by : **Shree Patan Jain Mandal**

101-201, Prem Tower-A, 8, Jawahar Nagar,
Opp. Cinemax Theatre, S.V. Road,
Goregaon (West), Mumbai-400104.

ESTD. 1912
Shree Patan Jain Mandal
MORE THAN 112 YEARS IN SOCIAL SERVICE

**APPOINTMENT TIMING**
**9 AM TO 6 PM**

Tel. : 022-31774129
Mob. : 8369844115 / 8850521582
Email : smhc@patanmandal. org

## FULL BODY HEALTH CHECK UP

**ON EVERY SATURDAY**
By Appointment

Timing 8 am to 2 pm

Rs. ~~9000/-~~
Rs. **4500/-**
WITH BREAKFAST

**Including Doctor's Consultation**

**NOTE : FASTING IS REQUIRED (10 TO 12 HOURS)**

### FOR MALE

| INVESTIGATIONS | TEST DETAILS |
|---|---|
| BASIC BLOOD TEST | CBC, ESR, BLOOD GROUP<br>URINE ROUTINE |
| DIABETES PROFILE | BLOOD SUGAR FASTING,<br>PP, BLOOD SUGAR, HBA1C |
| LIPID PROFILE | TOTAL CHOLESTEROL<br>HDL, LDL, VLDL,<br>TRIGLYCERDES |
| LIVER PROFILE | TOTAL PROTEIN<br>TOTAL BILIRUBIN<br>DIRECT BILIRUBIN<br>ALBUMIN, GLOBULIN<br>SGPT, SGOT<br>ALKALINE PHOSPHATASE<br>GGTP |
| KIDNEY PROFILE | BUN, UREA, PHOSPHOROUS<br>S. CREATININE, S. ELECTROLYTES<br>S.URICACID, TOTALPROTEIN<br>ALBUMIN |
| THYROID PROFILE | T3, T4, TSH |
| VITAMIN PROFILE | VITAMIN D3, B12, CALCIUM, |
| SPECIALISED BLOOD TEST | PSA, IRON STUDIES<br>CRP |
| IMAGING & OTHER | CHEST XRAY |
| CARDIAC SCREENING | ECG,<br>2D ECHO |
| DOCTOR CONSULTATION | PHYSICIAN<br>DIABETOLOGIST<br>OPHTHALMOLOGIST<br>DENTIST<br>ENT |

* Terms & Condition Apply

### FOR FEMALE

| INVESTIGATIONS | TEST DETAILS |
|---|---|
| BASIC BLOOD TEST | CBC, ESR, BLOOD GROUP<br>URINE ROUTINE |
| DIABETES PROFILE | BLOOD SUGAR FASTING,<br>PP, BLOOD SUGAR, HBA1C |
| LIPID PROFILE | TOTAL CHOLESTEROL<br>HDL, LDL, VLDL,<br>TRIGLYCERDES |
| LIVER PROFILE | TOTAL PROTEIN<br>TOTAL BILIRUBIN<br>DIRECT BILIRUBIN<br>ALBUMIN, GLOBULIN<br>SGPT, SGOT<br>ALKALINE PHOSPHATASE<br>GGTP |
| KIDNEY PROFILE | BUN, UREA, PHOSPHOROUS<br>S. CREATININE, S. ELECTROLYTES<br>S.URICACID, TOTALPROTEIN<br>ALBUMIN |
| THYROID PROFILE | T3, T4, TSH |
| VITAMIN PROFILE | VITAMIN D3, B12, CALCIUM, |
| SPECIALISED BLOOD TEST | CA 125, IRON STUDIES<br>CRP |
| IMAGING & OTHER | CHEST XRAY, PAP SMEAR |
| CARDIAC SCREENING | ECG,<br>2D ECHO |
| DOCTOR CONSULTATION | PHYSICIAN<br>DIABETOLOGIST<br>GYNAECOLOGIST<br>OPHTHALMOLOGIST<br>DENTIST, ENT |

* Terms & Condition Apply

**Please bring your previous investigations reports, if any.**

# આપને અને આપના પરિવારને મકરસંક્રાંતિની હૃદયપૂર્વકની શુભેચ્છાઓ

નાતાલના દિવસે ચાર ખીલા સાથે જડાયેલા જીસસ યાદ આવે છે...

પણ ઉત્તરાયણના દિવસે ૪૯ દિવસ સુધી બાણ શય્યા ઉપર સૂતેલા ગંગા પુત્ર **ભીષ્મ પિતામહને** કોઈ યાદ કરતું નથી!

મકરસંક્રાંતિનો પાવન તહેવાર છે, આજના દિવસે જ ભીષ્મપિતામહે પ્રાણત્યાગ કર્યા હતા. મહાભારતના યુદ્ધ વખતે અર્જુનના બાણથી ઘવાયેલા ભીષ્મએ તત્કાળ પ્રાણત્યાગ કરવાને બદલે ઉત્તરાયણ સુધી બાણશૈયા પર શરીરને ટકાવી રાખ્યું હતું. આપણને આ વાર્તા જેવું લાગે પણ વેદવ્યાસજી આ પ્રસંગ દ્વારા બહુ મોટો સંદેશો આપે છે.

ભીષ્મના શરીર પરનું એક એક બાણ કૌરવોના એક એક દુષ્કૃત્યનું પ્રતિક છે. કૌરવોએ કરેલી ભૂલોને ભીષ્મએ બાણરૂપે પોતાના પર લઈ લીધી જેથી કૌરવોને તકલીફ ના પડે. જ્યાં સુધી દાદાએ બાણ ઝીલ્યા ત્યાં સુધી કૌરવો ટકી શક્યા પછી ખતમ થઈ ગયા.

આપણા દરેકના પરિવારમાં પણ એક ભીષ્મ હોય છે જે આપણી ભૂલોના બાણ પોતાના પોતાના પર લઈ લે છે અને એટલે આપણે સૌ ટકી શકીએ છીએ. જે પરિવાર ટકી શક્યો હોય તે પરિવારમાં કોઈને કોઈ સ્વરૂપે ભીષ્મ હાજર હોય જ છે. એ દાદા, દાદી, પપ્પા, મમ્મી, ભાઈ, બહેન, પતિ, પત્ની, દીકરો કે દીકરી કોઈપણ સ્વરૂપે હોય પણ એમના અસ્તિત્વથી જ પરિવાર ટકી રહેતો હોય. પરિવારના બાકીના સભ્યોને એમ હોય કે આપણા કુટુંબમાં કોઈ મુશ્કેલી જ નથી આપણે સુખી છીએ જ્યારે વાસ્તવિકતા એ હોય કે આવા ભીષ્મ મુશ્કેલીઓનું પોટલું પોતાના માથે ઉપાડી લેતા હોય એટલે આપણને મુશ્કેલી અનુભવાતી જ ના હોય. ભીષ્મ તો ઉત્તરાયણે જતાં રહ્યા પણ આપણે આપણા ભીષ્મને ઓળખીને સાચવી લેવા નહીંતર કૌરવોની જેમ આપણું અસ્તિત્વ પણ ખતમ થઈ જશે. આ ઉત્તરાયણે આપણે આપણા ભીષ્મને શોધવાનો પ્રયાસ કરીએ થોડીવાર આંખો બંધ કરીને વિચારો તમારી સમસ્યાઓને તમારા સુધી ના પહોંચવા દેનાર એ કોણ છે? વિચારો કે તમારી ભૂલોને પોતાના માથે ઓઢી લેનાર એ કોણ છે? વિચારો કે એવું કોણ છે જેના કારણે તમને સુરક્ષાનો અનુભવ થાય છે? એવું કોણ છે જેની ગેરહાજરી આખા પરિવારને પારાવાર મુશ્કેલીમાં મુકી દે એવું કોણ છે જેનો સાથ તમને સદાય હળવાફુલ રાખે છે?

બસ આ જ તમારા ભીષ્મ છે. આજના મકરસંક્રાંતિના પાવન પર્વએ આ ભીષ્મને ઓળખીને એનું જતન કરીએ, જાળવીએ, સાચવીએ કારણ કે એ છે તો આપણે છીએ. આજે દાનનો પણ મહિમા છે. અન્ન દાન કે વસ્ત્રનું દાન નહીં કરીએ તો ચાલશે પણ જો ક્ષમાદાન કરીશું તો આપણો પરિવાર જળવાઈ રહેશે.

## સન્માન સમારોહ



**ડૉ. જે.એમ. શાહને** ગ્લોબલ બુક ઓફ એક્સેલન્સ - ઈંગ્લેન્ડ મળવા બદલ યોજાયેલા સ્નેહમિલનમાં મુંબઈ સમાચારના તંત્રી **શ્રી નિલેશ દવે,** ગ્લોબલ બુકના **પ્રમુખ શ્રી મનીષકુમાર,** બ્રાન્ડ એમ્બેસેડર **શ્રી હેમરાજ શાહ, શ્રી અને શ્રીમતી જશવંતભાઈ શાહ,** પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ** આ પ્રસંગે હાજર રહ્યા હતા. આ પ્રસંગે **શ્રી જશવંતભાઈ** અને **શ્રીમતી સુરેખાબેનને** ગણપતિની મૂર્તિ આપી ચારે આગેવાનોનું સન્માન કરાયું હતું.

## શ્રી પાટણ જૈન મંડળ યોજિત
## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DATA SHRI

**લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના સંપૂર્ણ લાભાર્થી**
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી)

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) -
  હ. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)

**Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

- શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ - હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન (રૂપાબેન) મનીષભાઈ મજીઠીયા
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ - હ. શ્રી મિતેશભાઈ શાહ (શાંતિનાથની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ (ખેતરવશી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)

# LONAVALA PROJECT SCHEME

## Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે.

૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.

તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.

આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે,

જેના રૂા. ૨૫ લાખ રહેશે જેમાંથી રૂા. ૧૫ લાખ મૂર્તિ ભરાવવાના તથા

પ્રતિષ્ઠાના લાભના અને રૂા. ૧૦ લાખ સર્વસાધારણમાં વપરાશે.

# LONAVALA PROJECT SCHEME

**Rs. 50+13 = 63 Lc  સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી  એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૮ લાખ અને ૫ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 30 Lc  એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી  એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc  એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.
દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.
જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

# સ્કાય હેઝ નો લિમિટ

એક રાજાને ઉપહારમાં બે અદ્‌ભૂત બાજ પક્ષી મળ્યા. એ પ્રવાસી અને બહુ લાંબી સફર કરનારા બાજ હતા. રાજાએ આવા અદ્‌ભૂત બાજ પક્ષી આ પહેલાં ક્યારેય જોયા ન હતા તેણે એ કિંમતી બાજને પોતાના બાજ પાલકને તાલીમ આપવા માટે સોંપ્યા.

મહિનાઓ પસાર થયા બાદ એક દિવસ બાજ પાલકે રાજાને માહિતી આપી કે; ''બે બાજમાંથી એક બાજ અદ્‌ભૂત રીતે ઉડે છે. આકાશમાં તે બહુ જ ઉંચે જાય છે અને કેવા કલાત્મક ચકરાવા લે છે, બાજની આવી સરસ રીતે ઉડતા જોઈને આપણું મન ધરાય જ નહીં.!''

પણ બીજુ બાજ તો આખો દિવસ એક ડાળી પર બેઠું રહે છએ અને ત્યાંથી ખસતું જ નથી, તે ક્યારેય પાંખો પ્રસારીને ઉડતું જ નથી.

રાજાને થયું એ બાજ બીમાર પડી ગયું હશે તેથી તેણે તેને સમગ્ર રાજ્યમાંથી ચિકિત્સકો અને કીમીયાગરોને બોલાવ્યા પણ કોઈનાથી તે બાજ ઉડતું ન થયું. રાજાએ દરબાર ભર્યો અને આ માટે કંઈક ઉપાય બતાવવા કહ્યું. બે-ત્રણ દિવસ તો રાજાએ રાહ જોઈ પણ કોઈ ઉપાય ન મળ્યો. રાજાએ મહેલના ઝરુખામાંથી જોયું તો તે બાજ હજુ પણ એજ સ્થાને બેઠું હતું. ત્યાંથી ક્યાંય ખસ્યુ નહોતું.

બધીજ યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવી લીધા બાદ, રાજાએ વિચાર્યું, 'કદાચ રાજ્યમાં આ કામ માટે કોઈ વધુ જાણકાર વ્યક્તિને બોલાવવી જ જોઈએ, જે બાજની આવી પ્રકૃત્તિ અને તેની મુશ્કેલીને વધારે સમજી શકતો હોય.' તેથી તેણે કોઈ ખેડૂતને બોલવવા કહ્યું.

બીજે દિવસે સવારે રાજાએ અચાનક ઝરુખામાંથી જોયું તો ત્યાં બાજ નહોતું, આમ-તેમ કરતાં રાજાની નજર આકાશ તરફ ગઈ, રાજા તો હર્ષ વિભોર બની કયો. બાજ રાજમહેલના ઉપવન ફરતે ચક્કર મારી રહ્યું હતું. રાજાએ તરત જ પેલા ખેડૂતને બોલાવી દરબારમાં પધારવા આમંત્રણ મોકલ્યું. દરબારીઓ તરત જ એ ખેડૂતને રાજા સમક્ષ લઈ આવ્યા. ખેડૂતે રાજાને ઝૂકીને સલામ કરી અને અદબથી એકબાજુ ઊભો રહ્યો.

રાજાએ ખેડૂતને પૂછ્યું; 'તે આ બાજને ઉડતું કેવી રીતે કર્યું ?'

ખેડૂતે રાજાને કહ્યું; 'મહારાજ, એ તો સાવ સહેલી વાત છે, મે બાજ જેની ઉપર બેઠું હતું તે ડાળ જ કાપી નાખી.'

મારા પ્રિય વાચક મિત્રો ! શું આપ સહુને એમ નથી લાગતું કે આપણે પણ ઉડવા માટે જ અહીં આવ્યા છીએ. એક ઈન્સાનને નાતે આપણી અકલ્પનીય સંભાવનાઓને સમજવા માટે જ આપણે અહીં આવ્યા છીએ પણ ઘણીવાર આપણે જ્યાં બેઠાં હોઈએ છે ત્યાંથી ઉભા થવા પણ તૈયાર નથી હોતા. જિંદગીમાં આવતા અવસરને ઓળખતા નથી. નકારાત્મક વિચાર, આળસ અને ડર આ ત્રણેય નકામી બાબતોથી જીવનને સાધારણ કક્ષાનું બનાવીએ છીએ.

જીવનના કેલેન્ડરમાંથી ફાટેલા પાના ફરી પાછા આવવાના નથી. જીવનની યાત્રા અનોખી છે તેમાં સમયની સાથે તાલ મિલાવીને ઉડવાનું છે. તો ચાલો ! આપણા ભયની તે નકારાત્મક વિચારોની ડાળીને જ કાપી નાખીએ આપણે આપણી જાતે જ પોતાને સેવેલા સ્વપ્નો અને અરમાનો પૂરા કરવા ગગનમાં ઉડવા માટે મુક્ત કરીએ.

**'સ્કાય હેઝ નોટ ધ લિમિટ'**

**-: મુખવાસ :-**

**જીવનમાં આવતી કસોટીઓ તમને બહેતર બનાવે છે કે પછી તોડી નાખે,**

**પસંદગી તમારી છે, જીતવું છે કે પછી તૂટવું છે તે તમારે જ નક્કી કરવાનું છે.**

**તમે સાચા છો ? તો પછી ગુસ્સે થવાની શી જરૂર છે ?**

**તમે ખોટા છો ? તો પછી તમને ગુસ્સે થવાનો હક્ક નથી.**

# વાવમંડણ ગોડીજી પાર્શ્વપ્રભુનો ઈતિહાસ

જૈન ધર્મના ૨૩માં તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુનું જન્મ કલ્યાણક માગસર વદ દસમના દિવસે આવી રહ્યું છે, તો આજે આપણે બનાસકાઠાના વાવનગર મંડળ ગોડીજી પાર્શ્વનાથ પ્રભુનો ભવ્ય ઈતિહાસ જોઈએ.

ગુજરાતની એક સમયની રાજધાની પાટણ વિ.સં. ૧૨૨૯નાં મંગલ વર્ષે હેમચંદ્રાચાર્યજીના ભક્ત પરમાર્હત કુમારપાળ રાજાએ તારક ગુરુદેવના હસ્તે ત્રણ પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરાવી. અત્યંત શુભ સમયે પ્રભુની પ્રાણપ્રતિષ્ઠા થઈ હોવાથી ત્રણેય પ્રતિમા પ્રભાવયુક્ત થઈ.

સમયાંતરે વિધર્મીઓ મંદિરો અને પ્રતિમાજીઓનો વિધ્વંસ કરવા લાગ્યા. આથી ૧૪મી સદીમાં આ પ્રભાવવંત ત્રણેય પ્રતિમાજીને પાટણના જ એક શ્રાવકે ભૂગર્ભમાં છુપાવી દીધી. ત્યાં ગુપ્ત રીતે પૂજા થતી રહી. થોડા સમયે એક વિધર્મીને ખ્યાલ આવતાં તેણે ત્રણમાંથી એક પ્રતિમાં ચોરીને પોતાના ઘરમાં ખાડો ખોદી ભંડારી દીધી, પરંતુ પ્રભુના અધિષ્ઠાયક દેવ પાર્શ્વ યક્ષ જાગૃત હતા, તેમણે સ્વપ્નમાં સંકેત આપી જણાવ્યું, 'અલ્પ દિવસોમાં સિંધ પ્રદેશના નગર પારકરથી (હાલ પાકિસ્તાન) મેઘાશા નામનો શ્રાવક વેપાર માટે આવશે. તેની પાસેથી ૫૦૦ દામ લઈ આ પ્રતિમાં તેને આપી દેજે.'

આ બાજુ પાર્શ્વ યક્ષે મેઘાશાને પણ સ્વપ્નમાં સંકેત આપી પ્રતિમાજી લેવા જણાવ્યું. સ્વપ્ન સંકેત પ્રમાણે મેઘાશાએ પાટણથી પ્રતિમા લઈ લીધી. વેપારમાં ઘણી કમાણી કરી મેઘાશાએ પુનઃ પારકર તરફ પ્રસ્થાન કર્યું. એક દિવસ સ્વપ્નમાં પાર્શ્વ યક્ષે સંકેત આપી કહ્યું. 'આવતી કાલે ગાડામાં બે બળદો જોડી પ્રભુને પધરાવી પ્રસ્થાન કરજે. કંઈપણ થાય તોય પાછું ન જોતો.' મેઘાશાએ એ રીતે પ્રસ્થાન કર્યું. માર્ગમાં સાવ નિર્જન પ્રદેશ આવ્યો.  ભય અને વિસ્મયથી મેઘાશા દ્વારા સહસા પાછળ જોવાઈ ગયું. ગાડું ત્યાંજ સ્થિર થઈ ગયું. પાશ્વ યક્ષ બોલ્યા, વત્સ! ચિંતા ન કર. આ ગોડીપુર ગામનો જ પ્રદેશ છે. અહીં તું પ્રભુના જિનાલયનું નિર્માણ કરાવ. પ્રભુના દિવ્ય પ્રભાવે આ ગોડીગામ મહાન તીર્થ બનશે.'

પ્રાયઃ ૧૫મી સદીમાં પાર્શ્વ પ્રભુના આ તીર્થનો ઉદ્ભવ થયો. વિક્રમની ૧૭મી સદી સુધી આ તીર્થની જાહોજલાલી રહી. વિ.સં. ૧૭૭૨માં સોઢા શાસક સુતોજીએ આ પ્રતિમાને ગોડીગામથી લખાસર કિલ્લામાં લાવી ભૂમિમાં ભંડારી દીધી. ક્યારેક કોઈ પૈસા આપે તો તેઓ દર્શન કરાવતા. સોઢા સુતોજી પછી સોઢા પૂજોજીએ પણ આ જ રીતે પ્રતિમાને ભંડારી રાખી.

એક દિવસ યુદ્ધમાં શત્રુઓના હાથે પૂજોજીનું મૃત્યુ થયું. પ્રભુની પ્રતિમાં ક્યાં છે એ પૂજોજી સિવાય કોઈને ખ્યાલ ન હતો. કેટલાક સમય પછી સોઢા નારણજીએ ભૂમિનું ઉત્ખનન કરાવ્યું અને પ્રતિમાજી પુનઃ પ્રાપ્ત થઈ. પણ હવે ત્યાંય વિધર્મીઓનું આક્રમણ વધતા નારાયણજીએ સિંધ છોડયું અને ગુજરાતના થરાદ પાસે આવેલા ખાનપુર ગામમાં વસવાટ કર્યો. કાલાંતરે ફરી સિંધ જવાની ભાવના થવાથી થરાદની સમીપ આવેલ વાવના રાજા વજોજી (જેઓ સોઢા પરિવારના ભાણેજ થતાં હતા) તેમને પ્રતિમાં સમર્પિત કરી. આમ વાવના પરમ પુણ્યોદયે ગોડીજી પાર્શ્વ પ્રભુ સામેથી વાવ પધાર્યા.

વાવના રાજા વજોજીએ ગોરજીના ઉપાશ્રય પાસે નાનકડા જિનાલયમાં પ્રભુને પ્રતિષ્ઠિત કર્યા. વર્ષો પછી વાવપંથકના આચાર્ય વિ. ૐકારસૂરિજી મહારાજને દર્શન કરતા પ્રતીત થયું કે 'આ પ્રભુજી પ્રભાવસંપન્ન છે. જો ગામની મધ્યમાં પ્રતિષ્ઠિત કરવામાં આવે તો ગામ આસમાનની ઉંચાઈને આંબશે.' પૂજ્યની ઉપસ્થિતિમાં પ્રતિમાજીનું ઉત્થાપન થયું. એ સાથે શિલાલેખ વંચાયો અને ખ્યાલ આવ્યો કે ગોડીપુરના પાર્શ્વપ્રભુની પ્રતિમાં જેવો જ આ લેખ છે.

એક બાજુ શિલાલેખ મળ્યો, તો બીજી બાજુ સોઢા રાજપૂતોના તે સમયના ચોપડા મળ્યા ગોડીજી પાર્શ્વ પ્રભુની ઘણી વિગતો લખેલી હતી. વાવ સંઘે બેનમૂન જિનાલયનું નિર્માણ કરાવ્યું. આજથી ૫૦ વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૩૦ વૈશાખ સુદ દશમના દિવસે શાસનપ્રભાવક પૂ. આચાર્ય વિ. ભદ્રસૂરિજી મહારાજ તથા પૂ. આચાર્ય વિ. ૐકારસૂરિજી મહારાજ આદિની પાવન નિશ્રામાં ઐતિહાસિક મહોત્સવ સમેત પ્રભુની પ્રતિષ્ઠા થઈ.

**''કહા કિસને કી દૂરી હૈ, હૃદય કે પાસ હો તુમ તો,**
**હર પલ હાજરી તેરી હૃદય મેં શ્વાસ હો તુમ તો...''**

**શાંતિ સૌરભ**

## આંસૂ લૂછવાનો આનંદ

આંસુ લૂછવાનો આનંદ જીવનના ચકડોળમાં ક્યારેક ઉપર તો ક્યારેક નીચે, ક્યારેક અમીર તો ક્યારેક ગરીબ પરિસ્થિતિમાં જીવતા કેટલાંક લોકોમાં એક નામ છે. ડીન ફોબર્સનું. લંડનમાં ખુબ જ ગરીબ પરિવારમાં જન્મેલા ફોર્સ. પણ પોતાના જીવનમાં ખુબજ ચડતી-પડતી, સુખ-દુખનો સામનો કરીને વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સ્વીડીશની કંપની તથા લંડનની પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ કોટન કેપિટલમાં ભાગીદાર બન્યા. પછી પણ પોતાના જીવનમાં મળેલી સફળતા અને સમૃદ્ધિ ભૂલ્યા નથી. તેઓ ફોર્સ ફેમિલી ગ્રુપ નામનું સંગઠન ચલાવે છે જે અનેક લોકોને મદદ કરે છે.

તાજેતરમાં આફ્રિકી લ્યૂકેમિયા ટ્રસ્ટ માટે એમને એક રાતમાં સાડાચાર કરોડ રૂપિયા એકત્ર કરી આપ્યા. બ્રિટનના સૌથી પ્રભાવશાળી અશ્વેતોમાં તેમનું નામ ૨૦૨૫ની સૂચીમાં સૌથી ઉપર છે, પરંતુ ડીન ફોબર્સને તો ગરીબાઈના વિષયચક્રને તોડવામાં રસ છે. તેઓ કહે છે કે, મારા દુઃખદ અનુભવે જણાવ્યું કે આ કોમ્યુનિટીમાં ઘણી પ્રતિભા છે, જરૂર છે માત્ર દરવાજો ખોલવાની. મારા માટે અન્ય લોકોએ દ્વાર ખોલ્યા હતા. હવે હું જરૂરિયાતમંદોની મદદ માટે દ્વાર ખોલીશ.


શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

મેળવો ત્રણ ત્રણ લાભ

- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.


વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્યઃ મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ

ADVT

Discover the Wonders of Europe

**Only with Gem Tours & Travels!**



GEM™

TOURS & TRAVELS PVT. LTD

The Luxury Tour Co.

Sine 1983

Call : Nimesh Shah (Zaveri Wado)

Mo. 9819213455

ADVT

જૈનો માટે સોનેરી તક : 100% only Veg અને જૈન ભોજન સાથે,

પ્રવાસ કરો GEM TOURS (Since 1983) સાથે ભારત અને વિદેશના ખૂણે ખૂણે.

ALL MAJOR INTERNATIONAL DESTINATIONS -

Europe, USA, Canada, South Africa, Croatia, Turkey, Iceland, Azerbaijan & Georgia

Newzealand, Australia, Dubai, Far East Countries and many More.

ALL DOMESTIC SECTORS INCLUDING PREMIUM KASHMIR PACKAGES

WE DO PRIVATE GROUPS & CORPORATE GROUPS

ભારતનું પહેલું pvt Hill Station: Paraiso Resort (Igatpuri) Lake ને અડીને, પર્વત ઉપર, Valley તથા Forest થી ઘેરાયેલું, 35,000 Sq.ફીટમાં ફેલાયેલુ.

**SOUTH AFRICA WITH KRUGER NATIONAL PARK**

12 NIGHT / 13 DAYS



# સૈનિકોને બાર વર્ષ સુધી નિભાવ્યા

જૈન ઈતિહાસનું એક તેજસ્વી નામ એટલે મેવાડ ઉદ્ધારક શ્રેષ્ઠી ભામાશા!

ભામાશા શ્રીમંત હતા અને ખૂબ ઉદાર હતા. તેમના પિતા ભારમલ અને તેમના ભાઈ તારાચંદ મેવાડના ઈતિહાસમાં યશોજ્વલ પ્રતિષ્ઠા ધરાવે છે. ઈ.સ. ૧૫૬૭માં ચિતોડમાં બાદશાહ અકબરે પોતાનું શાસન સ્તાપ્યું તે સમયે રાણા સંગ અને ભામાશાના પિતા ભારમલે ઉદયપુરની સ્થાપના કરી. ભામાશાના ભાઈ તારાચંદ પ્રખર યુદ્ધવીર, પ્રશાસક અને સફળ સેનાધિપતિ હતા. ભામાશાના ભાઈ તારાચંદ પ્રખર યુદ્ધવીર, પ્રશાસક અને સફળ સેનાધિપતિ હતા. ભામાશા તે સમયે રાજ્યના મંત્રીશ્વર હતા. મેવાડનો અને ભારતનો તે સમયનો ઈતિહાસ ભયંકર સંઘર્ષનો છે.

એ સમયે રાણા પ્રતાપ હલ્દી ઘાટીમાં હાર પામી ચૂક્યા હતા. અરવલ્લીઓની પહાડીઓમાં તે ઠેર ઠેર એકલા ઘૂમતા હતા. બાદશાહ અકબરે રાણા પ્રતાપ સાથે સમજૂતી કરવા માટે કહેવડાવ્યું હતું કે મારી સાથે બેસી જાઓ તમને દિલ્લીના દરબારમાં માનભર્યું સ્થાન આપીશ જંગલ જંગલ ભટકવા કરતા દિલ્લી આવીને વસી જાઓ.

રાણા પ્રતાપ ખળભળી જાય તેવા પ્રસંગો બન્યા હતા. એક તરફ પરાજય હતો, તો બીજી તરફ ભોજનના ફાફા હતા. પોતાની દીકરીને એક વાડકી દૂધ આપી શકાય તેટલી પણ સગવડ નહોતી!

રાણા પ્રતાપ ધ્રુજી ગયા હતા. પૈસા નહોતા! સગવડ નહોતી, સૈન્ય નહોતુ અને જ્યારે બાદશાહ અકબરની વાત માનવાનો તેમણે ઈન્કાર કર્યો. ત્યારે દિલ્હીથી પ્રચંડ સૈન્ય યુદ્ધ માટે આવી રહ્યું હતું અત્યારે સાથી એક જ હતો અશ્વ ચેતક.

ભડવીર રાણા અકબર જેવા અનેક બાદશાહને પહોંચી વળવા સમર્થ હતા. પરંતુ જે પરિસ્થિતિ ઊભી થઈ હતી તે અત્યંત દયનીય હતી. તેમણે વિચાર્યું કે હાલ તુરંત મેવાડ છોડીને સિંધ ચાલ્યા જવું.

સંધ્યા ઢળતી હતી, આકાશમાં સૂર્ય પોતાની લીલા સમેટી રહ્યો હતો તે સમયે એક નરબંકો ઘોડા પર આવી પહોંચ્યો તેની કેડમાં કટારી હતી. ખભે ઢાલ હતી. અશ્વ પરથી છલાંગ મારીને તે કૂદ્યો અને રાણાના પગમાં પડયો.

રાણાજી મેવાડના નામે વિનંતી કરવા આવ્યો છું તમે દેશ ન છોડો, સિંધ ન જાઓ.

રાણા કહે; 'ભામાશા' તમે શૂરવીર છો અને શ્રીમંત છો પણ સૌથી વધારે તમે સમજદાર છો પણ આજે દેશ છોડયા વગર ટકી રહેવું મુશ્કેલ છે. આવનારા યુવક જેનું નામ ભામાશા હતુ તેણે કહ્યું, 'શું ખપે તે કહો.'

ધન જોઈએ છે ધન વિના સૈનિકો માટે વસ્ત્ર, અન્નદાન અને શસ્ત્ર લાવવા ક્યાંથી?

રાણાજી, ધન હું આપીશ તમે માંગશો તેટલું આપીશ, મારી મૂડી, મારી ધરતી મેવાડની છે મારી મૂડી મારી નથી.

'ભામાશા, આ ક્ષણ ભાવાવેશની નથી આ ક્ષણ યુદ્ધની છે અપાર ધન જોઈએ તમારી સાત પીઢીએ જેટલું ભેગું કર્યું હોય એટલું ધન જોઈએ.'

ભામાશા કહે; 'રાણાજી હુકમ કરો, હું ધનનો ઢગલો કરીશ.'

રાણા પ્રતાપ કહે; 'ભામાશા, સામે ભારે દુશ્મન છે.'

ભામાશા કહે; 'જ્યારે ઘરથી નિકળ્યો ત્યારે મારી પત્ની લક્ષ્મી ઘરના આંગણામાં ઊભી હતી. હાથમાં કંકુની વાડકી હતી. ભોંયરામાં ભરેલા ધનના કમાડની ચાવી હતી. તેણે મારા કપાળમાં તિલક કર્યું. ચાવી મને આપી અને કહ્યું કે આપણું તમામ ધન મેવાડને અર્પણ તમારા પચ્ચીસ હજાર સૈનિકો બાર વર્ષ સુધી આ ધનથી નિભાવી શકાશે. તે પછી પણ ધાન જોઈશે તો હું જાતે ભીખ માંગવા નીકળી પડીશ.'

રાણા પ્રતાપની આંખોમાં આસુનું સરોવર ઉભરાયું. વ્હાલથી ભામાશાને ભેટી પડયા અને કહ્યું ભામાશા શેઠ તમારાં જેવા દેશભક્ત જ્યાં સુધી જીવશે ત્યાં સુધી મેવાડ અજય છે.

આકાશમાં સૂર્ય ઢળી પડ્યો અને સમી સાંજના શમિયાણામાં તેણે નકરું સોનું વરસાવ્યું તે સાંજ ઈતિહાસમાં અમર બની ગઈ.

વધુ ભેગું કરવું અથવા વધુની દોટ લગાવવી તે પરિગ્રહ નથી. સમય-સંજોગો આંખ સામે દેખાતા હોવા છતાં લક્ષ્મી છોડવાનું મન ન થાય તે પરિગ્રહ છે.

જૈન શાસનની આન-બાન અને શાન આ ઉદાર હૃદયે ભામાશાને લાખ-લાખ વંદન, દાન કેટલું કરવું એ મહત્વનું નથી. પરંતુ દાન ક્યાં સંજોગોમાં કરવું તે વધુ મહત્વનું છે.

***ઈશ્વર દેખાતો નથી, તો વિશ્વાસ કેમ કરવો***
***પ્રભુ તો વાઈ-ફાઈ જેવા છે, દેખાય નહીં પરંતુ***
***અંતરાત્માનો સાચો પાસવર્ડ નાખો તો કોન્ટેક્ટ થઈ જાય***
***અસ્તુ***

# માનવતા સર્વત્ર મહેંકી શકે છે

કવિ મકરંદ દવેની આ પંક્તિઓ છે !

**''કોઈ નહીં ફરિયાદી ને, કોઈનું નહીં કામ,**
**ફૂલ તો એની ફોરમ ઢાળી, થતું રાજી રાજી.''**

પુષ્પ તો વિવિધ રંગના, વિવિધ જાતિના બગીચામાં જોવા મળે છે રંગબેરંગી પુષ્પોને તેના છોડ ઉપર ખીલતા જોઈને માનવીનું મન પ્રસન્નતાથી ખીલી ઊઠે છે. નાજુક, નમણાં અને કોમળ પુષ્પનો જીવનધર્મ માત્ર એક-બે પંક્તિ દ્વારા બહુ જ સુંદર રીતે આપણાં હૃદયને સ્પર્શી જાય તેમ કવિએ વર્ણન કર્યું છે. માત્ર ને માત્ર ફોરમ ફેલાવી ને જ મલકતાં રહીને પુષ્પ અલવિદા લે છે.

મિત્રો ! બસ, મારે પણ આ જ સંદર્ભમાં આપ સહુ સુજ્ઞવાચક મિત્રો સમક્ષ આ લેખ દ્વારા મારા વિચારો શાબ્દિક રૂપે મારી કલમ દ્વારા વહેતાં કરવા છે મને આશા છે કે જરૂરથી આપ સહુને ગમશે.

જેવો જીવનધર્મ આ પુષ્પનો છે. એવો જ જીવનધર્મ જો માનવીનો ય બની જાય તો એનું જીવન પણ પુષ્પ જેવું ખુશ્બુ ભર્યું બની જાય ન એને કાંટાની જેમ ડંખ્યા કરતી વ્યક્તિ પરત્વે ફરિયાદ હોય કે ન એને પારકી પંચાતમાં રસ હોય. એને રસ હોય માત્ર ને માત્ર સત્કાર્યોની પરિમલ પ્રસરાવવામાં. ભલે પછી એ પરિમલ માનવતાના કાર્યોમાં હોય કે ધર્મ મઢ્યો પરોપકાર કરવાના વિવિધ સ્વરૂપમાં હોય આવું જ્યારે બને ત્યારે માનવી એવી બુલંદી કરે કે એની સામે પુષ્પની બુલંદી નાની પડે. પુષ્પની મહેંક તેના ક્ષેત્રપુરતી રહે, જ્યારે આવા માનવીઓની મહેંક સર્વત્ર મહેંકી જાય...

એક સત્યઘટના આપના કરકમળમાં મૂકવાનું મન થાય છે જેમાં માનવતાનું સ્વરૂપ મઢ્યું છે. અમેરિકાના જેન્કિન ટાઉનમાં ઝેલ કાવિન્સકો નામે એક અબજોપતિની પ્રસિદ્ધિ સ્થાનિક અખબારોના પાને ચમકતી રહેતી. પરંતુ આ પ્રસિદ્ધિ એની સંપત્તિ માટે નહોતી. પરંતુ ઝેલને જે દિલાવર અને દાનવીર વૃત્તિ મળી હતી. તેવી કદાચ અમેરિકાના અન્ય ધનાઢ્યોને પણ નહીં મળી હોય, આ અદ્‌ભૂત વૃત્તિના કારણે જ ઝેલ અખબારોમાં ચમકતા રહેતા.

રશિયાના યહુદી માતા-પિતાનો આ પુત્ર પહેલા તો સામાન્ય નાગરિક જેવો જ હતો તે સમયે તેની પાસે કોઈ ધનના ખજાના નહોતા. પરંતુ પરોપકારની માનવતાની ભાવનાનો ખજાનો તેની ભીતરમાં ભરેલો રહેતો. ઈ.સ. ૧૯૮૪માં ઝેલની બહેન ફેફસાના કેન્સરની બિમારીમાં સપડાઈ અને મૃત્યુ પામે. આ આઘાતજનક બનાવે ઝેલના અંતરમાં કેન્સર જેવા રોગોનો પ્રતિકાર કરવા માટે કોઈ સંશોધન કેન્દ્રની સ્થાપના કરવા માટેના અંકુરો રોપાયા પણ એની આર્થિક પરિસ્થિતિની મર્યાદાએ એ અંકુરોને ફલીભૂત થવા ન દીધા તે સમયે ઝેલનો વ્યવસાય હતો...

એણે રીનેસા સાહિત્ય પર ખેડાણ કરીને ડોક્ટરેટ (PHD)ની પદવી પ્રાપ્ત કરી હતી. એ સમયે યુનિવર્સિટીના એક વિભાગના મકાનો સંસ્થાએ વેચાણ માટે કાઢયા એનો કોઈ ખરીદાર ન હતો. કોણ જાણે કોઈ અગમ્ય સંકેત થયો હોય કે ગમે તે બન્યું હોય ઝેલને એ મકાનો ખરીદવાનો વિચાર જાગ્યો અને એણે વ્યાજે રકમ લાવીને એ ખરીદી લીધા એ પછીના અલ્પ સમયમાં જ એ વિસ્તારના ભાવ ઉંચકાયા કે પેલા મકાનો સોનાની ખાણ સમા પુરવાર થયા. ઝેલે તક જોઈને એ મકાનો વેચી દીધા. એમાં એને પચાસ લાખ ડોલર્સનો નફો થયો. બસ પછી તો એ એસ્ટેટોની લે-વેચનો વ્યવસાય અપનાવીને એટલો બધો આગળ વધી ગયો કે નાની વયમાં મોટો શ્રીમંત બની ગયો. પણ ઝેલને ધનસંગ્રહમાં રસ નહોતો એને તો એ ધન પરોપકારનું માધ્યમ બને તે માટે સંપત્તિનો ઘણો મોટો હિસ્સો માનવસેવાના અર્થે દાનમાં વાપરવાનો સંકલ્પ કર્યો. ત્રીસ મિલિયન ડોલર્સની જંગી રકમ ઓહાયો યુનિવર્સિટીની પબ્લિક હેલ્થ સ્કૂલને પ્રજાની સ્વાસ્થ્ય સુધારા માટે દાનમાં આપી.

ઝેલ કોઈ વિશ્વની નંબર વન શ્રીમંત હસ્તી નથી છતાં તેણે આ મોટી રકમનું દાન કર્યું હતું. એ ખુદ તો મધ્યમ કદના ઘરમાં જ રહે છે. છ સભ્યોનો પરિવાર છે. વાર્ષિક માત્ર પચાસ હજાર ડોલર્સના ખર્ચ પર જીવે છે. એણે મંદબુદ્ધિના બાળકોના કલ્યાણ અર્થે પણ મોટું દાન આપ્યું હતું. ઝેલની આવી દાનવીરતા, માનવતાથી આશ્ચર્ય થઈને તેના સ્વજનો, અને મિત્રો તેને ચેતવણી આપતા હતા. પણ ઝેલે પોતાનું જીવન પુષ્પ જેવું બનાવ્યું હતું. માનવતા ભર્યા અભિગમમાં જ એને રસ હતો. હવે એથી આગળ એક ડગલું વધ્યો હવે એને પોતાની કીડનીનું પણ દાન કરવાની ભાવના પ્રગટી. ફરી પાછો તેના સ્વજનો, મિત્રો વિગેરે એને સમજાવ્યો પરંતુ ઝેલ તો મક્કમ જ રહ્યો.

તા. ૨૨ જુલાઈ ૨૦૦૩ના રોજ આલ્બર્ટ આઈન્ટસ્ટાઈન મેડિકલ સેન્ટરમાં કીડનીનું નિઃશુલ્ક પણે નિઃસ્વાર્થ ભાવે દાન કર્યું. એની નિઃસ્વાર્થ પરોપકારી વૃત્તિની અદ્‌ભૂત અસર સર્જાઈ એની કીડનીનું દાન જે મહિલાને કરાયું એ પછીના સમયમાં ઝેલના સહકારથી અનાથ બાળકો તથા વ્યક્તા સ્ત્રીઓ માટે પિતાનું ઘર નામે સેવા સંસ્થાની સ્થાપના કરી જાણે 'જ્યોત સે જ્યોત જલે.' આવો આપણે એ પરોપકાર પરિમલની પાવન ઝલક પામીને પરોપકારના પંથે પ્રયાણ કરીએ.

**''વેંચાઈ જવા કરતા, વહેંચાઈ જવામાં લિજ્જત છે,**
**હર ફૂલતણી ખુશ્બુની પેઠે ફેલાઈ જવામાં લિજ્જત છે.''**

**સંકલનઃ ભારતી શાહ**

# પ્રાચીન જીર્ણશીર્ણ હસ્તપ્રત આપવીતી કહેવા લાગતી

ચિત્તમાં કેટલાંક સ્મરણો એવાં અંકિત થઈ ગયા હોય છે કે જે સતત માનસપટ પર તરવર્યા કરે છે. આવું એક પાવન સ્મરણ છે. આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીનું એમની સંશોધનની સૂઝ અને કાર્યપદ્ધતિ જે જોવા મળ્યા, તે આજે પણ આશ્ચર્ય જગાડે છે.

એમનો અવતાર જ જ્ઞાનના ઉદ્ધાર માટે થયો છે એમ કહેવું જોઈએ. કુદરતે સોંપલા એ જીવનકાર્યને તેઓ છેક સુધી એવી જ નિષ્ઠા, એવી જ સ્ફૂર્તિ અને એવી જ તત્પરતાથી વળગી રહ્યા અને જ્ઞાનોપાસના કરી. જાણે એમ લાગે છે કે આ કાર્ય કરતા ન તો તેઓ વયમર્યાદાને કે ન તો શક્તિ અશક્તિને પિછાનતા હતા. થોડીક પ્રાચીન હસ્તપ્રતો એમની આગળ મુકી દઈએ અથવા તો એકાદ હસ્તલિખિત ભેડારની વચ્ચે તેઓશ્રીને બેસાડી દઈએ, તો તેઓ આહાર, આરામ અને ઉંઘને વીસરીને એમાં એવા તન્મય બની જતા કે જાણે કોઈ ઊંડા આત્મચિંતનમાં ઉતરી ગયેલા યોગીરાજ જોઈ લ્યો !

એમના સંપાદનોની સર્વાંગ પરિપૂર્ણતા જોઈને પરદેશના વૈજ્ઞાનિક પદ્ધતિએ સંશોધન કરતા વિદ્વાનો પણ ડોલી ઊઠ્યા. તેઓશ્રીને હાથે અઘરા અને કઠિન ગ્રંથો અણિશુદ્ધ બનીને નવજીવન પામ્યા. ગ્રંથ સંપાદનના કાર્યમાં તેઓને વરેલી અસાધારણ સિદ્ધિના કારણો અનેક છે. તેઓ શાસ્ત્રના વિષયથી અને ગ્રંથમાં આવતા ઈતર સાહિત્યના સંદર્ભોથી પરિચિત રહેતા અને જે બાબત તેઓની સમજમાં આવતી ન હોય તે બાબત વિશે અથાગ પ્રયત્ન કરીને ખુલાસો મેળવીને જ આગળ વધતા.

અક્ષરોના વિવિધ મેરોડો છતાં જુદા જુદા સૈકાની લિપિને ઉકેલવામાં તેઓ સિદ્ધહસ્ત હતા અને એથીય વિશેષ તો શાસ્ત્રોના સંશોધનની બાબતમાં એમની ધીરજ અને ખંત સાચા અર્થમાં અપાર હતી.

સત્યની એકાદી હીરાકણી માટે પણ તેઓ દિવસરાત મથામણ કર્યા  કરતા અને આટલું બધું કરવા છતાં તેના ભારથી મુક્ત બનીને સદા પ્રસન્ન રહેતા. એમના આવા આદર્શ સંશોધન ગ્રંથોના અનેક ના લખાવી શકાય. પણ એની યાદી આપવાનું આ સ્થાન નથી અને તેઓએ આગમ સંશોધનનું જે મહાન કાર્ય આરંભ્યું હતું તે તો એમના જ્ઞાનમય વ્યક્તિત્વમાં સારરૂપ અને પંદરસો વર્ષ પહેલાં મહાન આગમપ્રભાકર શ્રી દેવર્ધિગણિક્ષમાશ્રમણે કરેલું આગમ સંકલન જેવું શકવર્તી અને સુદીર્ઘ કાળ સુધી ઉપકારક કાર્ય હતું. પ્રાચીન જીર્ણશીર્ણ હસ્તપ્રતો તો જાણે પુણ્યવિજયજી મહારાજના હાથમાં આવતા જ પોતાની આપવીતી કહેવા લાગતી.

પ્રાચીન ગ્રંથોના એકસરખા માપના ભેળસેળ થઈ ગયેલા પાનાઓમાંથી તેમજ તાડપત્રીય ગ્રંથોના ટુકડાઓમાંથી આખા કે અધૂરા ગ્રંથોને તૈયાર કરી આપવાની મહારાજની સૂઝ અને નિપુણતા હેરત પમાડે એવા હતાં. ચોટીને રોટલો થઈ ગયેલી કંઈક પ્રતો એમના હાથે નવજીવન પામી. મહારાજશ્રી તથા એમના ગુરુ શ્રી ચતુરવિજયજી મહારાજ અને પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજે મળીને લીંબડી, પાટણ, ખંભાત, વડોદરા, બાવનગર, પાલીતાણાઆષ અમદાવાદ જેસલમેર, બિકાનેર, જોધપુર ઉપરાંત ગુજરાત- સૌરાષ્ટ્ર અને રાજસ્થાનના સંખ્યાબંધ ગ્રંથભંડારોને તપાસી એમને સુવ્યવસ્થિત કરી આપ્યા, કેટલાકની હસ્તપ્રતોની યાદીઓ તૈયાર કરી આપી અને કેટલાકની સવિસ્તર સુચિઓને મુદ્રિત કરી આપી.

વળી ક્યાંક રેપરો, બંધનો, ડાબડા કે પેટીઓ અને કબાટ સુદ્ધાની વ્યવસ્થા કરાવી. કેટલાય પ્રાચીન ગ્રંથભંડારોને નામશેષ થતા બચાવી લીધા છે. આ માટે તેમણે જે જહેમત ઉઠાવી છે અને જે કષ્ટ સાધ્ય વિહારો કર્યા છે, તે બીના શ્રુતરક્ષાના ઈતિહાસમાં સોનેરી અક્ષરે અંકિત થઈ રહે એવી છે. તેમાંયે જેસલમેરના ભંડારોની સાચવણી માટે સોળ-સોળ મહિના સુધી તેઓએ જે તપ કર્યું છે એનો ઈતિહાસ તો જેટલો પ્રેરક છે એટલો જ રોમાચંક છે.

પ્રાચીન પ્રતો અને ગ્રંથભંડારોના સંરક્ષણની કલાની વિશિષ્ટ જાણકારીની સાથોસાથ પ્રતોને અને ગ્રંથસ્થ તેમજ અન્ય ચિત્રસામગ્રી કે પ્રાચીન કળામય વસ્તુઓને પારખવાની મહારાજશ્રીની શક્તિ પણ અદ્‌ભુત હતી. ઉપરાંત કઈ પ્રતનું કઈ દ્રષ્ટિએ શુ મૂલ્યાંકન કરી શકાય તેની પણ તેઓ સ્પષ્ટ સમજ ધરાવતા હતા.

આ બધા ઉપરાંત પુણ્યવિજયજી મહારાજની સૌથી ચડિયાતી અને વિરલ કહી શકાય તેવી વિશેષતા હતી વિદ્વાનો અને સંશોધકોને જરૂરી બધી સહાય આપવાની તત્પરતા. જ્ઞાનોદ્ધારમાં અને જ્ઞાનપ્રસારમાં તેઓને એવો જીવંત રસ હતો કે કામ તેઓ પોતે કરે કે બીજા કરે એ એમને મન સરખુ હતું અને બીજાને એની જ્ઞાનોપાસનામાં બધી સગવડ મળી રહે એની તેઓ પૂરી ચિંતા રાખતા. પોતે ગમે તેવા ગંભીર કામમાં એકાગ્ર થયા હોય, પણ કોઈ જિજ્ઞાસુ આવે તો તેઓ લેશ પણ કૃપણતા કર્યા વગર પૂરેપૂરો સમય આપતા અને એમને કોઈ બાબતમાં જરાક પ્રશ્ન પૂછીએ તો એમની શતમુખે પાંગરેલી વિદ્યાપ્રતિભાના તરત જ દર્શન થતાં અને એમનું બહુશ્રુતપણું કે શાસ્ત્રપારગામીપણું જોઈને આશ્ચર્યમુગ્ધ થઈ જવાતું.

મહારાજશ્રી અનેક વિષયોના પારગામી વિદ્વાન હોવા છતાં તેઓ ક્યારેય પોતાની પંડિતાઈ કે વાકચાતુરીથી આંજી નાખવાનો પ્રયત્ન કરતા નહીં. અંતરમાંથી વહેતી એમની સહજ સરળ વાણી જાણે સામી વ્યક્તિને વશ કરી લેતી.

ધર્મ અને શાસ્ત્ર બન્નેના શિખરે બિરાજેલ એક પાવનકારી વ્યક્તિત્વે વિદાય લીધી વિ.સં. ૨૦૨૭ના જેઠ વદિ ૬ ને ૧૪-૦૬-૭૧ના દિવસે. જ્ઞાનસાધનાના અનેતપોબળનો આવો વિરલ સુમેળ હવે ક્યાંય મળશે ખરો ? આજે ક્યાં મળશે એવી જ્ઞાનસાધના ? **અસ્તુ...**

# સારા કર્મોનું ફળ

એકવાર શ્રી કૃષ્ણ અને અર્જુન લટાર મારવા નીકળ્યા. માર્ગમાં તેમને એક ગરીબ પંડિત ભીખ માગતો જોવા મળ્યો. અર્જુનને તેની દયા આવી અને તેણે આ પંડિતને સો સોનામહોર ભરેલી થેલી આપી. પંડિત તો ખૂબ ખુશ થઈ ગયો અને તેણે અર્જુનનો આભાર માન્યો. તેણે પોતાના ઘેર જવા પ્રયાણ કર્યું. માર્ગમાં તેણે અન્ય એક વ્યક્તિને જોઈ જેને મદદની ભારે જરૂર હતી. પંડિત આ વ્યક્તિને એકાદ બે સોનામહોર આપી તેનું દુઃખ દૂર કરી શક્યો હોત, પણ તેણે એ વ્યક્તિને નજર અંદાજ કરી અને તે પોતાના ઘર તરફ આગળ વધ્યો અચાનક એક લૂંટારો આવી ચડયો અને તેણે પંડિતને લૂટી લીધો.

પંડિત ભારે દુઃખી થઈ ગયો તે ફરી ભીખ માંગવા લાગ્યો બીજે દિવસે અર્જુને જ્યારે આ જોયું ત્યારે તેને બહું નવાઈ લાગી. ગઈકાલે જ આ પંડિતને સુવર્ણમુદ્રાની થેલી આપી હતી જેનાથી પંડિત આખું આયખુ આરામથી નીકળી જાય એમ હતું. છતાં તે આજે ફરી ભીખ માંગી રહ્યો છે તેણે પંડિતને બોલાવ્યો અને ફરી ભીખ માંગવાનું કારણ પૂછ્યું. પંડિતે તેને આખી વાત કહી સંભળાવી અને અર્જુનને ફરી એકવાર પંડિત પર દયા આવી આ વખતે અર્જુને તેને અમૂલ્ય હીરો આપ્યો.

પંડિત તો રાજી રાજી થઈને ઘેર જવા લાગ્યો ફરી તેને માર્ગમાં કોઈક દેખાયું જેને સાચેજ મદદની જરૂર હતી. પણ આ વખતે પંડિતે આંખ આડા કાન કર્યા ઘેર પહોંચ્યા બાદ તેણે હીરો સાચવીને પાણીના કાલી ઘડામાં મૂક્યો અને મનમાં વિચાર કર્યો કે આ હીરો વેચીને સારું ધન મેળવી લઈશ અને મારી જિંદગી સુખ, સમૃદ્ધિમય બની જશે તે થાકી ગયો હોવાથી સૂઈ ગયો. થોડી વારમાં તેની પત્ની પંડિતને ઊંઘમાં ખલેલ ના પડે એ રીતે પેલો ખાલી ઘડો લઈને નદીએ પાણી ભરવા ચાલી ગઈ તે અજાણ હતી કે તેના ઘડામાં પંડિતે હીરો મૂક્યો છે. આખો ઘડો નદીમાં વહેતા પાણીમાં ડૂબાડ્યો ત્યારે પાણી તો ઘડામાં ભરાઈ ગયું પણ હીરો વહેતા પાણી સાથે વહી ગયો.

જ્યારે પંડિત જાગ્યો ત્યારે ઘડામાંનો હીરો યાદ આવ્યો અને ઘડાનું ઢાંકણ ખોલતાં જ તેને ધ્રાસ્કો પડ્યો અરે! હીરો નક્કી પાણીમાં જ વહી ગયો હોવો જોઈએ કેમકે પત્નીને તો ખબર જ નહોતી, પંડિત પોતાની બદનસીબી પર ફરીથી ઉદાસ થઈ ગયો ના છૂટકે તેણે ફરી ભીખ માંગવાની ફરજ પડી. ફરી અર્જુને આ પંડિતને ભીખ માંગતા જોઈને કૃષ્ણને પૂછ્યું.

આ વખતે કૃષ્ણે મંદ મંદ સ્મિત કરતાં પંડિતને એક મામૂલી સિક્કો આપ્યો. જેનાથી એક વખતનું ભોજન પણ ના મળે. અર્જુને કૃષ્ણે કહ્યું, મેં તો આ પંડિતને સોનામહોરો આપી, હીરો આપ્યો, જેનાથી એ અતિ વૈભવશાળી જીવન જીવી શક્યો હોત પણ એનાથી એનું ભલું થયું નહીં, તો એક મામૂલી સિક્કો કઈ રીતે તેને મદદ કરી શકવાનો ?

શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું; ''તું જાતે જ એ પંડિતની પાછળ જા અને જો એ શું કરે છે ?''

આ બાજું માર્ગમાં ચાલતાં ચાલતા પંડિત વિચારતો હતો કે આ મામૂલી સિક્કાથી મને એક ટંકનું ભોજન પણ મળશે નહીં તો શું જોઈને કૃષ્ણે મને આ સિક્કો આપ્યો ? એજ સમયે એની દ્રષ્ટિ એક માછીમાર પર પડી જે જાળમાંથી ફસાયેલી માછલી કાઢવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. માછલીને તપડતી જોઈ પંડિતે વિચાર્યું કે આ મામૂલી સિક્કો ભલે મને કોઈ મદદરૂપ ન થાય પણ તેનાથી આ માછલીની પીડા કેમ ઓછી ન કરી શકાય ? તેણે એ સિક્કો માછીમારને આપી માછલીને છોડાવી અને તેને પોતાના ઘેર લઈ જઈને પેલા ઘડામાં પાણીમાં મૂકી દીધી.

નાનકડા ઘડામાં માછલીને ફાવ્યું નહીં. તેથી તે બહાર નીકળવાનો પ્રયત્ન કરતી હતી. એ સમયે એના પેટમાંથી તેણે એક હીરો બહાર થૂકી કાઢ્યો. આ જોઈ પંડિત તો આભો બની ગયો કેમકે આ એ જ હીરો હતો. જે પાણીમાં વહી ગયો હતો. તેના હર્ષની સીમા ન રહી. તે બૂમો પાડવા લાગ્યો ''મળી ગયો, મળી ગયો'' બરાબર એજ સમયે પેલો લૂંટારો પંડિતના ઘર પાસેથી પસાર થતો હતો તે પંડિતના આ શબ્દો સાંભળીને ગભરાયો જો આ પંડિત મને જોઈ જશે તો બૂમાબૂમ કરીને મને પકડી લેશે ને ગામના લોકો મને મારી નાંખશે. લૂંટારો તો પંડિત પાસે ગયો તેનાં પગે પડીને માફી માંગવા લાગ્યો એ ચોરેલી સોનામહોરોની થેલી પંડિતને પાછી આપી, પંડિતને પોતાના સદ્નસીબ પર વિશ્વાસ નહોતો બેસી રહ્યો.

અર્જુને કહ્યું, ''હે શ્રી કૃષ્ણ, હું હવે તમારી લીલા સમજી શક્યો છું.

જ્યારે તમારી પાસે અન્યોને મદદ કરવા પૂરતું હોય, ત્યારે એ તક જતી કરશો નહીં. તમારા સારા કર્મોનું ફળ તમને ચોક્કસ પાછું મળે જ છે. તેથી સારા કર્મો તો કરતાં જ રહેવાનું છે.

અસ્તુ...

## SHARING EXPERIENCE AT SAURABH MEDICAL HEALTH CENTRE DURING FULL BODY CHECK UP

We had booked our appointment with SMHC for Full Body Health Check-up Package.

On the appointed date 11 January 2025, Saturday we reached SMHC at Goregaon at 8.30 a.m. where we were cordially welcomed by the Staff at the reception. They checked and guided us to go on the 2nd Floor where a sumptuous breakfast was given to all those who had registered for the Full Body Health Check-up. This consisted of 2 hot Idlis with chatni; Poha; Khakhra; Gathia & Kachori with Tea / Coffee. The time of completion of the breakfast was recorded to enable to give post lunch Blood Sample for checking of Diabetes - Post Lunch. Hereafter a FILE was given to the Patient which contained a series of BLOOD REPORTS.

**A series of tests like ECG, X-RAY, 2D ECHO & OTHERS. CONSULTING WAS DONE WITH ENT, DENTIST, EYE SPECIALIST, GYNEACOLOGIST; RADIOLOGIST ALONG WITH OUR REPORTS WHEN OUR HEALTH WAS DISCUSSED, AND OUR QUERIES WERE SATISFACTORILY ANSWERED BY SPECIALIST DOCTORS. LASTLY, WE HAD CONSULTATION WITH A SENIOR PHYSICIAN WHO EXAMINED OUR VARIOUS REPORTS & ADVISED US WITH MEDICATION AS WELL CHANGES TO BE DONE IN OUR NORMAL LIFE TO MINIMISE OUR PROBLEMS & IMPROVE OUR HEALTH.**

We concluded the procedure which started at 8.30 a.m. in the morning at 12.30 pm in the afternoon. During this time, we appreciate the professional way in which way the staff worked from the Doctors to para medical staff to the Reception Staff & last but not the least the House Keeping Staff who kept the Centre spotlessly clean. The staff introduced themselves not only with a smile on their face but also answered all queries politely. The co-ordination amongst the staff speaks well for their teamwork.

We were taken into the PATHOLOGY LABORATORY where we saw the BLOOD SAMPLES being EXAMINED on the FULLY AUTOMATIC BECKMAN COULTER WORLD'S BEST MACHINE untouched by hand, having a capacity to examine 800 SAMPLES PER HOUR.

We would be failing in our duty for not appreciating the hard work & meticulous efforts put in by the medical team of SHREE PATAN JAIN MANDAL in not only converting a dream to reality but ensuring that SMHC received the prestigious NABH CERTIFICATION from national accreditation board for hospitals & healthcare providers in a record period of 9 months.

We are really happy & satisfied that we personally visited the centre & take the liberty of sharing our first-hand experience with you.

This **SMHC** is Medical Health Centre for humanity made by the patnis & we patnis must feel proud about this achievement & make it our moral duty to patronise our centre without fail for the better health of our family.

Best wishes to the Medical Team of both Shree Patan Jain Mandal as well as Saurabh Medical Health Centre & wish you achieve higher laurels in the future.

**FROM:**
**PANKAJ GULABCHAND SHAH**
SANTACRUZ WEST




PATOLA
BY NIRMAL SALVI

Original GI 232 Certified Patan Patola Sarees, Dupattas, Lehengas, Single Ikat Patola, Semi Patan Patola, Accessories, Menswear & Bandhani.

**Ahmedabad**
A-104, Stellar, 1st Floor
Sindhu Bhavan Road,
Bodakdev, Ahmedabad - 380054
+91 9700749000/ 9879128888

**Delhi**
D-9, Block-D, Defence Colony,
Delhi - 110024
+91 9824884884

**Mumbai**
Shop no 1 B, GF,
72-Bhulabhai Desai Road,
Near Breach Candy Hospital,
Mumbai - 400026
+91 9819928299

patola_bynirmalsalvi

ADVT



sheetal PATOLA
Sunil Salvi

**PATAN**
Motisha Darwaja, Saibaba
Mandir Road, Patan. (N.G)
Gujarat - 384265
+91 98259 86863
+91 98243 30799

**AHMEDABAD**
109, Stellar, Sindhu Bhavan
Road, Bodakdev, Ahmedabad,
Gujarat - 380054
+91 98246 48623
+91 97370 48800

sheetalpatolabysunilsalvi

ADVT

DOUBLE IKAT PATAN PATOLA SAREES & DUPATTAS | SEMI IKAT PATOLA
SINGLE IKAT PATOLA | ACCESSORIES | MENSWEAR | LEHENGA & BANDHANI

## ફોફલીયો વાડો - પોળની શેરી

પરમાત્મા શ્રી શાંતિનાથ ભગવાનની અસિમ કૃપા તથા માતાજીના આશિર્વાદ તથા ગુરુકૃપાથી શેરીમાં તા. ૨૬-૧૨-૨૦૨૪થી ૩૦-૧૨-૨૦૨૪પંચાન્હીકા મહોત્સવ ખુબ જ ઉલ્લાસ પૂર્વક શેરીના દરેક સભ્યો દ્વારા ભાવપૂર્વક ઉજવવામાં આવ્યો. પંચાન્હીકા મહોત્સવમાં કુંભ સ્થાપના, માતાજીનું હવન, શ્રી સિદ્ધચક્ર પૂજન, શ્રી વર્ધમાન શક્રસ્ત્રવ, પાટણના મુખ્ય માર્ગો પર રથયાત્રાનું સુંદર આયોજન તથા શ્રી શાંતિસ્નાત્રનું આયોજન કરવામાં આવ્યું. ઉછામણીની ખુબજ સારી ઉપજ થઈ.

નાના બાળકોને ખલીપુર પાંજરાપોળ લઈ જઈ જીવદયા વિશે સમજણ આપી તથા તેઓએ પશુઓને લાડવા, શાક વગેરે ખવડાવ્યા. બીજે દિવસે રાણકીવાવનો કાર્યક્રમ રાખ્યો અને તેની સમજણ આપી. બાળકો ખુબજ ખુશ થઈ ગયા. શેરીના દરેક નાના-મોટા મેમ્બર ભાઈઓએ દરેક વિધી-વિધાનમાં પૂરો ભાગ લીધો.

સ્વાદિષ્ટ જમણવાર તથા રાત્રીના Entertainment કાર્યક્રમ ખુબજ સરસ રહ્યું. Young Generation ને ખુબજ આનંદિત થતાં તેઓએ મહોત્સવનું આયોજન દર ત્રણ વર્ષે થાય તે નક્કી કર્યું.

મહોત્સવના દરેક દિવસ દરમ્યાન પશુઓને ઘાસચારો તથા લીલા શાકભાજી ખવડાવી જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું.

## પાટણ પાંજરાપોળમાં દાતાઓ દ્વારા દાનની વર્ષા

તા. ૧૪મી જાન્યુઆરીએ સંક્રાંતિ નિમીત્તે પાટણ પાંજરાપોળમાં ખેડૂતો સાથે એક સ્નેહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ રૂા. ૯ લાખથી વધારે રોકડમાં અને ૨૦થી વધારે ટ્રેક્ટર ભરીને આજુબાજુના ગામમાંથી ઘાસનું દાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પાટણના ધારાસભ્ય શ્રી કીરીટભાઈ પટેલ તથા સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા. મુંબઈથી **શ્રી દિપકભાઈ શાહ, શ્રી નિખીલભાઈ શાહ** તથા **શ્રી હિતેશભાઈ શાહ** સમારંભમાં હાજર રહ્યા હતા. શ્રી ધીરૂભાઈ શાહે સમારંભનું સંચાલન કર્યું હતું. વર્ષ દરમ્યાન સારી કામગીરી બદલ પાંજરાપોળના ડૉક્ટરનું તથા પાંજરાપોળના મેનેજરનું સન્માન કરવામાં આવ્યું હતું. દાતાઓનું પણ જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતું. હાલમાં ઘાસનું ઉત્પાદન ઓછું થઈ રહ્યું છે તે અંગે પણ ઘટતું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

ઘાસના દાતાઓએ અને ઉત્પાદકોએ ખાતરી આપી હતી કે ભવિષ્યમાં ઘાસનું ઉત્પાદન અને સપ્લાય ચાલુ રહેશે. **ધારાસભ્ય શ્રી કીરીટભાઈ પટેલે** પાંજરાપોળને પૂરેપુરો સહકાર આપવાની ખાતરી આપી હતી.







## શ્રી સિદ્ધહેમ જ્ઞાન પીઠ

શ્રી પાટણ જૈન મંડળની વિવિધ પ્રવૃત્તિઓમાની એક પ્રવૃત્તિ એટલે **શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ દ્વારા પૂરું પાડવામાં આવતું સંસ્કૃત, પ્રાકૃત તથા જૈન ધર્મના વિવિધ ગ્રંથોનું તેમજ આધ્યાત્મિક વિષયોનું જ્ઞાન પ્રદાન, પ્રાયઃ ત્રણ દાયકાથી કાર્યરત સંસ્થા જે સાધુ, સાધ્વી, મુમુક્ષુ અને જ્ઞાન પીપાશુઓનું જાણીતું કેન્દ્ર.**

આ સમય ગાળામાં અનેકાનેક સાધુ-સાધ્વી, મુમુક્ષુ અને જ્ઞાન પિપાશુઓને સુંદર જ્ઞાન પ્રદાન કરાવવાનો લાભ મળેલ છે.

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠના સંયુક્ત ઉપક્રમે **ફાગણ વદ એકમ અને ફાગણ વદ બીજના શનિવાર તા. ૧૫-૦૩-૨૦૨૫ અને રવિવાર તા. ૧૬-૦૩-૨૦૨૫ના રોજ દ્વિ-દિવસીય જ્ઞાનોત્સવ (સેમિનાર)નું આયોજન રાખવામાં આવ્યું છે** જેમાં ભારતભરમાંથી નામાંકિત વક્તા તથા પંડિતો આમાં નીશ્રા પ્રદાન કરી વિવિધ વિષયો પર પ્રકાશ પાડશે.

આ જ્ઞાનોત્સવમાં **પરમ પૂજ્ય આચાર્ય શ્રી જગચ્ચંદ્ર સુરીશ્વરજી (ડેહલાવાળા) નિશ્રા પ્રદાન કરશે** અને વિવિધ માર્ગદર્શન સહ પોતાનું વ્યક્તવ્ય રજુ કરશે. આ કાર્યક્રમમાં ૧૨ વ્યક્તા અને બે ગ્રુપ ડિશકશન રહેશે. વધુ વિગતો પાટણ પ્રતિબિંબના ફેબ્રુઆરી અંકમાં આપવામાં આવશે.

આ જ્ઞાનોત્સવમાં હાજરી આપવા સહુને ભાવ ભર્યું આમંત્રણ છે.

શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ અને શ્રી હેમચંદ્રાચાર્ય અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સહયોગથી બીજા વિવિધ અભ્યાસક્રમ વિચારાધીન છે.

❑ **શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ સમિતિ**

## શ્રી બોરીવલી દહીંસર પાટણ જૈન મિત્ર મંડળ - ભોપાવર-માંડવગઢ પંચતીર્થી યાત્રા પ્રવાસ

તા. ૩, ૪ તથા ૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન મિત્રમંડળ દ્વારા શ્રી ભોપાવર - માંડવગઢ પંચતીર્થી, ત્રિ-દિવસીય યાત્રા પ્રવાસનું આયોજન કરાયું હતું. બોરીવલી - દહિસર વિસ્તારમાં વસતા લગભગ ૧૬૦ યાત્રિકો આ યાત્રા પ્રવાસમાં જોડાયા હતા.

૨ X ૨ - ચાર એસી બસ તથા ૩ ઈનોવા ગાડી દ્વારા ઉજ્જૈન - અલૌકિક પાર્શ્વનાથ જિનાલય, માંડવગઢ, ભક્તામર તીર્થ, ભોપાવર તીર્થ તથા મોહનખેડા તીર્થના દેવ-દર્શન-પુજા, ભાવના આદિ ધાર્મિક અનુષ્ઠાન દ્વારા યાત્રિકોએ પુણ્યનું ભાથુ બાંધ્યું હતું. ધર્મશાળા તથા કેટરીંગની ઉત્કૃષ્ઠ વ્યવસ્થા ઉપલબ્ધીથી યાત્રિકોની સગવડતા સચવાતા આ યાત્રા સુખરૂપ સંપન્ન થઈ હતી. આજના પ્રસંગે આર્થિક યોગદાન આપનાર સંઘપતિ **શ્રીમતી નીલાબેન નેલેશભાઈ શાહ** પરિવાર (કોકાનો પાડો) તથા **શ્રીમતી આશિતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા** (કેશુશેઠનો પાડો) પરિવારનું મિત્ર મંડળના **પ્રમુખશ્રી રાજુભાઈ** તથા અન્ય હોદ્દેદારો દ્વારા તિલક-માળા-શાલ તથા મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરાયું હતું. ઉપરાંત મિત્ર મંડળના ૧૨ કમિટી મેમ્બર્સનું યાત્રા પ્રવાસના સફળ આયોજન બદલ ડોનર્સ તરફથી મોમેન્ટો આપી અભિવાદન કરાયું હતું. આ સાથેજ આવતા વર્ષ માટે જાન્યુઆરી ૨૦૨૬માં ગીરનાર તીર્થ યાત્રા પ્રવાસના આયોજનની જાહેરાત કરાઈ હતી.





## સાભાર સ્વીકાર

**લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ :**

૧૫,૦૦.૦૦૦/- શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (સિદ્ધચક્રની પોળ)

૧૦,૦૦,૦૦૦/- શ્રી હેમચંદ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)

**સૌરભ મેડિકલ હેલ્થકેર ભેટ :**

૧૨,૦૦,૦૦૦/- ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)

૧૦,૦૦,૦૦૦/- શ્રી કમલેશભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી)

**શિક્ષણ સહાય ભેટ :**

૩૦,૦૦૦$ શ્રીમતી લીલાબેન શાહ

૧૨,૫૦૦$ શ્રી મહેશભાઈ અને શુભાબેન

૫,૦૦૦$ શ્રી મહેન્દ્રભાઈ સાંડેસરા

૬,૦૦૦$ શ્રી આશિષભાઈ પટેલ

૧,૦૦૦$ શ્રી મહેન્દ્રભાઈ શાહ

૧,૦૦૦$ શ્રી પંકજભાઈ શાહ

૧૨,૦૦૦$ શ્રી કિરણબેન પ્રવિણભાઈ શાહ

કુલ ૬૭,૫૦૦ ડોલર - કુલ રૂા. ૫૮,૧૩,૭૦૩/-

૧૭,૦૦,૦૦૦/- શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ (કપુર મહેતાનો પાડો)

૩૧,૦૦૦/- શ્રીમતી રીટાબેન રાજેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૦૦,૦૦૦/- શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ

**વિકલાંગ પ્રવાસ ભેટ :**

૩૦,૦૦૦/- શ્રી મગનલાલ પી. દોશી ચેરીટેબલ ટ્રસ્ટ (ફોર્ટ)

**મેડિકલ સહાય ભેટ :**

૨૫,૦૦૦/- શ્રીમતી રંજનબેન અરૂણકુમાર શાહના સ્મરણાર્થે તેમજ રોનકભાઈ નિમેશભાઈ શાહ MBA થયાની ખુશાલીમાં (ભાભાનો પાડો)

## હા... મારે ''મને'' બદલાવો જ છે...!

દિલીપભાઈને વધતી મોંઘવારી ધંધામાં ગળાકાપ હરિફાઈ અને છોકરાની નોકરી જવાની ફીકરમાં ગૂમસૂમ થયેલા જોઈને શૈલેષભાઈએ તેમને સમજાવતા કહ્યું કે, બદલાતી લાઈફસ્ટાઈલને અનુકૂળ થવા આપણે રહેણી કરણી, રીતભાત અને સ્વભાવમાં બદલાવ લાવવો જ પડશે. સમય અને શક્તિનો થતો બગાડ રોકવો જ પડશે. ''મારાથી આ નહીં થાય'' તે ભૂલીને જીવનમાં સામે વહેણે તરવા માટે આત્મવિશ્વાસ વધારવો જ પડશે. ભવિષ્યનું લક્ષ્ય નક્કી કરીને તે તરફ પહોંચાડે તેવા સ્વભાવનું ઘડતર પણ કરવું પડશે. આપણે જ આપણાં શિલ્પકાર બનવું પડશે.

અને હા, દિલીપભાઈ સાથે સાથે આપણે શારિરીક રીતે સશક્ત, માનસિક રીતે સક્ષમ, સામાજિક રીતે સરળ, આર્થિક રીતે સદ્ધર, કે આધ્યાત્મિક રીતે સિદ્ધસ્થ બનાવે તેવા સફળ વિચાર જ કરવા પડશે કારણ કે,

''વિચારો બદલાવાથી ટેવો બદલાય છે,
ટેવો બદલાવાથી સ્વભાવ બદલાય છે.
સ્વભાવ બદલાવાથી વ્યક્તિ બદલાય છે,
વ્યક્તિત્વ બદલાવાથી ભવિષ્ય બદલાય છે.''

આ સાંભળીને દિલીપભાઈમાં ચેતનાનો નવસંચાર થતાં તેમનો ચહેરો પ્રફુલ્લિત થઈ ગયો અને દિલીપભાઈ બોલ્યા 'હવે મારે મારામાંથી જ ''મને'' નવો જન્મ લેતો જોવો છે'

હા.. મારે ''મને'' બદલાવો જ છે...!

❑ **શ્રી દિપકભાઈ ગુણવંતલાલ શાહ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાળ | ખજૂરીનો પાડો | પ્રવિણભાઈ ચંપકલાલ શાહ | ૮૪ | પાયધૂની | ૧૭-૧૨-૨૪ | માગશર વદ ૦૨ |
| દશા ઓસવાલ | કોકાનો પાડો | વિદ્યાબેન પ્રવિણચંદ્ર શાહ | ૯૫ | તારદેવ | ૨૦-૧૨-૨૪ | માગશર વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | ઢંઢેર વાડો | કાદંબ રી લલિતભાઈ શાહ | ૮૩ | ગોરેગામ | ૨૨-૧૨-૨૪ | માગશર વદ ૦૮ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | કુમુદબેન રજનીકાંત શાહ | ૭૯ | મરીનડ્રાઈવ | ૦૧-૦૧-૨૫ | પોષ સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | ભાવિકભાઈ નરેન્દ્રભાઈ શાહ | ૪૫ | મરીનડ્રાઈવ | ૦૩-૦૧-૨૫ | પોષ સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | સ્નેહલતાબેન મુલચંદ શાહ | ૮૬ | પાટણ | ૦૩-૦૧-૨૫ | પોષ સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | પ્રિતેશ પ્રદિપભાઈ જૈન | ૨૩ | શિરપુર | ૧૧-૦૧-૨૫ | પોષ સુદ ૧૩ |
| વિશા પોરવાળ | બ્રાહ્મણવાડો | હર્ષાબેન વિજયભાઈ સંઘવી | ૬૬ | મુંબઈ | ૧૮-૦૧-૨૫ | પોષ વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | વિનોદભાઈ નેમચંદ શાહ | ૮૨ | મુંબઈ | ૨૦-૦૧-૨૫ | પોષ વદ ૦૬ |
| દશા ઓસવાલ | પંચોટીનો પાડો | શોભનાબેન પંકજભાઈ શાહ | ૭૧ | જુનાગઢ | ૨૦-૦૧-૨૫ | પોષ વદ ૦૬ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## શ્રી પાટણ જૈન મંડળ - મેડિકલ સહાય દાન યોજના - ગ્રુપ

આપ સૌને વિદિત છે કે દિન-પ્રતિદિન મેડિકલ સારવાર અને હૉસ્પિટલ સારવારનો ખર્ચ સતત વધતો જાય છે. જે પરિવારજનો પાસે મેડિક્લેઈમ પોલિસી છે તેઓને અચાનક ઘરે આવેલ માંદગી-બિમારી સમયે તેટલી રકમનો ટેકો મળી રહે છે, પરંતુ સમાજના ઘણા પરિવારજનો એવા છે જેમની મેડિક્લેઈમ પોલિસી નથી તેમાના સહાય લેતા પરિવારજનોને મંડળ દ્વારા રૂા. બે લાખ સુધીનો મેડિક્લેઈમ પોલિસીનું છત્ર પુરુ પાડવામાં આવે છે. તેવા પરિવારોને તાત્કાલિક ધોરણે રૂા. બે લાખ સુધીની રાહત મળી રહે છે પરંતુ તેઓનો સારવાર ખર્ચ તો ઘણો વધુ આવતો હોય છે તેવા સમયે સમાજનાં કેટલાક પરિવારોના અંગત ટ્રસ્ટ છે તેમાંથી સહાયની રકમ પુરુ પાડવાની વ્યવસ્થા વિચારણાધિન છે. આપણા જે પટણી પરિવારોના પોતાના ટ્રસ્ટ છે.

જો આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ માંદગીના સમયે કે મોટા ડોક્ટરી બિલના ખર્ચાને અથવા હૉસ્પિટલના વધુ પડતા બિલની રકમ ભરવા માટે અસહાય લોકોને મદદરૂપ થઈને સેવા આપવાની ભાવના ધરાવતા હો તો આપણે સાથે મળીને એક મિટીંગનું આયોજન કરી એક વોટ્સએપ ગ્રુપ બનાવી શકીએ છીએ. જેના દ્વારા સહાય માટે આવેલી અરજીઓ બાબત અમે આપની સાથે વાતચીત કરીને તે પરિવારોને સહાય કરી શકીએ. આરસ પરસનું આદાન પ્રદાન જરૂરિયાતમંદ પાટણ પરિવારો માટે આશિર્વાદ સમાન બની રહેશે. તો અમારી નમ્ર વિનંતી છે કે, સમાજસેવાના આ કાર્યમાં આપ સહભાગી થવા ઈચ્છતા હો તો સત્વરે આગળ આવે અને તેમની વિગતો ગ્રુપમાં શેર કરી શકે છે.

ટ્રસ્ટનું નામ :- ..........................................................................................................................

વ્યક્તિનું નામ:-...................................................................... મોબાઈલ નંબર :- ...................................................

આભાર

**ખાસ નોંધ:** આ યોજનાનો લાભ લેનાર સમાજના પરિવારનું નામ તથા સધળી વિગતો સંસ્થા દ્વારા ચેક આપવામાં આવશે અને માહિતી સંપૂર્ણ ગુપ્ત રાખવામા આવશે તેની અમે ખાતરી આપીએ છીએ જેની ખાસ નોંધ લેવી.

મેડીકલ સમિતિ
શ્રી પાટણ જૈન મંડળ

---

ડિસેમ્બર - ૨૦૨૪, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલય:- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈ: શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| ધનવંતભાઈ મણિલાલ શાહના આત્મશ્રેયાર્થે<br> હ. શ્રી જિતેન્દ્રભાઈ ડી. શાહ (ખજુરીનો પાડો) | ૫,૦૦,૦૦૦ |
| શ્રી કનાસા જૈન સંઘ (કનાસાનો પાડો) | ૧,૫૮,૮૪૦ |
| શ્રી નરેશચંદ્ર મણિલાલ ઝવેરીના આત્મશ્રેયાર્થે<br>હ. શ્રીમતી ભદ્રાબેન નરેશચંદ્ર ઝવેરી (ચોધરીની શેરી) | ૧,૧૧,૦૦૦ |
| શ્રીમતી રશ્મીબેન પૃથ્વીરાજ શાહ(આધાર સ્તંભ)<br>(મનમોહનજીની શેરી) | ૭૧,૦૦૦ |
| મે. સૂપ્રીમ માઈક્રોનાઈઝીંગ (ફોર્ટ-મુંબઈ) | ૪૦,૦૦૦ |
| મે. સી.જે. શાહ એન્ડ કું. | ૩૭,૦૦૦ |
| શ્રીમતી નિર્મળાબેન (દેવીબેન) ધીરજલાલ શાહના<br>સ્મરણાર્થે. હ. શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (શામળાજીની શેરી) | ૩૫,૦૦૦ |
| સ્વ. શ્રીમતી ચંદ્રાવતીબેન વિનોદચંદ્ર ચોક્સી (વખારનો પાડો)<br>હ. અતુલભાઈ વિનોદચંદ્ર ચોક્સી | ૨૬,૦૦૦ |
| સમસ્ત મહાજન | ૨૫,૦૦૦ |
| શ્રી નિપાબેન દિનેશભાઈ શાહ (મુંબઈ) | ૨૫,૦૦૦ |
| સદગ્રહસ્થ તરફથી | ૨૫,૦૦૦ |
| પોળની શેરી - પાટણ | ૨૨,૫૦૦ |
| શ્રી સંયમ મયુરભાઈ શાહ - હ. રજનીકાંત ભાઈ | ૨૧,૦૦૦ |

| | |
|---|---|
| શ્રીમતી રશ્મીબેન હરનીકભાઈ શાહ, શ્રી ઋતિકા રીદ્ધેશ શાહ | ૨૧,૦૦૦ |
| શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ (કપુર મહેતાનો પાડો) | ૨૦,૦૦૦ |
| શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ (રતન નગર-બોરીવલી) | ૨૦,૦૦૦ |
| શ્રી આશાબેન સુરેશભાઈ શાહના આત્મશ્રેયાર્થે | ૩૧,૦૦૦ |
| ન્યુ પ્રેમ સોભાગ્ય મૂર્તિ પૂજક તપગચ્છ જૈન સંઘ | ૧૫,૦૦૦ |
| શ્રી પ્રિયંકા નીરવભાઈ શાહ (અમદાવાદ) | ૧૧,૧૧૧ |
| સદ્ ગૃહસ્થ | ૧૧,૦૦૦ |
| શ્રી ધનવંતભાઈ મણિલાલ શાહના આત્મશ્રેયાર્થે<br>(મહાદેવ પાર્શ્વનાથ દાદાની શેરી) હ. સ્નેહલતાબેન (ખેતરવસીનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી કલ્યાણવર્ધક શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ | ૧૧,૦૦૦ |
| શ્રી શરદભાઈ પી. શાહ (ચોપાટી, પોળની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી ઉમંગભાઈ શાહ (ચોપાટી, પોળની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી નલીનીબેન ઝવેરી (ફોર્ટ, મુંબઈ) | ૧૧,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ (સાબરમતી, અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રી પંકજકુમાર શાંતિલાલ મોદી (મુંબઈ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી અરૂણાબેન એન. કંપાણી | ૧૦,૦૦૦ |
| સદ્ ગૃહસ્થ તરફથી | ૧૦,૦૦૦ |
| સદ્ ગૃહસ્થ તરફથી | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● January 2025 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૪. શ્રીમતી કિન્નરીબેન દીપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૫. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૬. શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

## સમાજ ઉત્કર્ષ સહાય યોજના

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
૨. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
૩. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ પરિવાર (ચિતારાની ખડકી)
૪. શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૫. શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
૬. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૭. શ્રી પ્રવિણભાઈ કાંતિલાલ શાહ (USA)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,